જુલાઈ ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



જગતનું કામ કરો, તમારું કામ થયા જ કરશે. જગતનું કામ કરશો ત્યારે તમારું કામ એમને એમ થયા કરશે, ને ત્યારે તમને અજાયબી લાગશે !



તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૨, અંક : ૧૧
સળંગ અંક : ૨૬૩
**જુલાઈ ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૩૨ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## જગત કલ્યાણમાં સમાયું સ્વકલ્યાણ

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદાશ્રીએ પોતાની આખી જિંદગી એક જ ધ્યેય રાખ્યો હતો 'જગત કલ્યાણની ભાવના'. કેમ કરીને જગતના જીવો સર્વ પ્રકારના સંસારના ગૂંચવાડા, દુઃખોમાંથી મુક્ત થઈ આત્મસુખમાં રમણતા કરે. નાનપણથી જ એમને ભાવના હતી કે મને જે ભેગો થયો એને સુખ મળવું જ જોઈએ, નહીં તો મારું એને ભેગું થવું નકામું છે.

તેઓ જગતના લોકો સુખ-શાંતિને પામો ને કેટલાક મોક્ષને પામો એ ધ્યેય અર્થે જ દિનરાત જીવ્યા. ઠંડી, ગરમી, ચોમાસુ, દૂર-દૂર સુધીની લાંબી મુસાફરી છતાં દેહની કોઈ પરવા કર્યા વિના સત્સંગ-જ્ઞાન માટે ગામડે-શહેરે, દેશ-વિદેશ છેક અંતિમ સમય સુધી કાર્યરત રહ્યા. કેવી કરુણા ઝળકતી જ્ઞાનીના હૃદયમાં !

લોકો પૂછતા કે આત્મસ્વરૂપ થયેલા દાદાશ્રી આ સંસારી વાતોમાં કેમ સમય આપે છે, ત્યારે ખૂબ જ કરુણાથી દાદાશ્રી કહેતા કે લોકો આ સંસારની મૂંઝામણમાંથી નીકળે ! કેટલી ગૂંચામણ હશે ? એની ગૂંચામણમાંથી નીકળે તો જ આ જ્ઞાનને પામે ને તો જ મોક્ષને રસ્તે ચઢે. સામાની અડચણ સમજીને કઈ રીતે દૂર થાય એ ભાવનામાં જ નિરંતર રહેલા અને ત્યારે જ એમને કારુણ્યતા પ્રગટેલી, અદ્ભુત અધ્યાત્મ વિજ્ઞાન પ્રગટ થયેલું.

ખૂબ જ સરળ ભાષામાં જગત કલ્યાણને સમજાવતા દાદાશ્રી કહે છે જે પોતાનું કલ્યાણ કરે, તે બીજાનું કલ્યાણ કરે. પોતાનું કલ્યાણ થાય પછી જ ખરી જગત કલ્યાણની ભાવના મહીં થાય છે અને પોતાના કલ્યાણની શરૂઆત તો આ જ્ઞાન મળતા, આજ્ઞા પાળતા થઈ જાય છે. જ્યાં ક્લેશ-કષાય-વિષય નથી ત્યારથી જ કલ્યાણ સ્વરૂપના પગલા મંડાય છે.

પોતાના સ્વરૂપમાં રહીને દાદાશ્રી લોકોના કલ્યાણની ભાવનાથી જે કરુણાસભર વ્યવહાર, એ પણ જે વીતરાગતાથી કરે છે એ ખરેખર અજોડ છે. વીતરાગતા સાથેની વ્યવહાર જાગૃતિ માત્ર જ્ઞાની પુરુષના નિરપેક્ષ વ્યવહારમાં જોવા મળે છે. કોઈ પણ જાતના અહંકાર, અંગત સ્વાર્થ કે અપેક્ષા વગર કેવળ લોકોના કલ્યાણ માટે જે કરુણા વહાવી છે, તેનો જોટો મળવો આ કાળમાં મુશ્કેલ છે.

પ્રસ્તુત સંકલનમાં જ્ઞાનીના જ શબ્દોમાં એમના હૃદયની વાતો ખુલ્લી થઈ છે. એ જ્ઞાનીની અને એમણે આપેલા જ્ઞાનની ભક્તિથી આપણે આપણા ડિસ્ચાર્જ કષાયોને જ્ઞાનજાગૃતિથી ઓગાળી, એમની આ જગત કલ્યાણની ભાવનાને ઝીલી આ જગત કલ્યાણી મિશનમાં ટેકો ધરીએ. આપણા મન-વચન-કાયા સમર્પણ કરી, જગત કલ્યાણના કાર્યમાં લઘુત્તમ ભાવે નિમિત્ત બની આપણું જીવન સાર્થક કરી લઈએ એ જ અંતરની અભિલાષા.

**જય સચ્ચિદાનંદ.**

# જગત કલ્યાણમાં સમાયું સ્વકલ્યાણ

## ધર્મની શરૂઆત ઓબ્લાઈજ઼િંગ નેચરથી

**પ્રશ્નકર્તા :** જીવન સાત્ત્વિક અને સરળ બનાવવા માટે ઉપાયો કયા ?

**દાદાશ્રી :** તારી પાસે હોય એટલું ઓબ્લાઈજ઼િંગ નેચર (પરોપકારી સ્વભાવ) કરીને લોકોને આપ આપ કર્યા કર. એમ ને એમ તારું જીવન સાત્ત્વિક થતું જશે. ઓબ્લાઈજ઼િંગ નેચર કરેલો તેં ? તને ઓબ્લાઈજ઼િંગ નેચર ગમે છે ?

**પ્રશ્નકર્તા :** અમુક અંશે કરેલો.

**દાદાશ્રી :** એ વધારે અંશે કરીએ તો વધારે ફાયદો થાય. કોઈનો ધક્કો ખઈએ, ફેરો ખાઈએ, પૈસા આપીએ, કોઈ દુખિયો હોય એને બે કપડાં સીવડાવી આપીએ એવું ઓબ્લાઈજ઼િંગ કરવું. ધર્મની શરૂઆત જ 'ઓબ્લાઈજ઼િંગ નેચર'થી થાય છે. તમે તમારા ઘરનું પારકાંને આપો ત્યાં જ આનંદ છે. ત્યારે લોકો લઈ લેવાનું શીખે છે ! તમારા માટે કંઈ જ કરશો નહીં, લોકો માટે જ કરજો તો તમારા માટે કંઈ જ કરવું નહીં પડે.

આ જગત તમને પોષાતું હોય, જગત જો તમને ગમતું હોય, જગતની ચીજોની ઈચ્છા હોય, જગતના વિષયોની વાંછના હોય તો આટલું કરો, 'યોગ ઉપયોગ પરોપકારાય.' યોગ એટલે આ મન-વચન-કાયાનો યોગ અને ઉપયોગ એટલે બુદ્ધિ વાપરવી, મન વાપરવું, ચિત્ત વાપરવું. એ બધું જ પારકાંને માટે વાપર અને પારકાંને માટે ના વપરાય તો આપણા લોકો છેવટે ઘરનાં માટે પણ વાપરે છે ને ! ભગવાન કહે છે કે મન-વચન-કાયા અને આત્માનો (પ્રતિષ્ઠિત આત્માનો) ઉપયોગ બીજા માટે વાપર. પછી તને કંઈ પણ દુઃખ આવે તો મને કહેજે.

ભગવાન કોના પર રાજી રહે ? જે બધાના દુઃખો લઈ લે ને સામાને સુખો આપે તેના પર. બધાંને સુખ આપ્યું એટલે એનું 'રિએક્શન' (પ્રતિક્રિયા) આપણને સુખ જ આવે. સુખ આપો તો તરત જ સુખ તમારે ઘેર બેઠાં આવે !

આ જગતમાં બે પ્રકારનાને ચિંતા મટે, એક જ્ઞાની પુરુષ ને બીજા પરોપકારીને. પ્રમાણિકતા ને પરસ્પર ઓબ્લાઈજ઼િંગ નેચર, બસ આટલાની જ જરૂર છે. પરસ્પર ઉપકાર કરવાનો, આટલો જ મનુષ્ય જીવનનો લહાવો છે !

હું તો પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમરે પણ અહંકાર કરતો'તો ને તેય વિચિત્ર પ્રકારનો અહંકાર કરતો. આ ભઈ મને મળ્યા અને જો એમને મારાથી લાભ ના થાય તો મારું મળવું ખોટું હતું ! એટલે દરેક માણસ મારી પાસે લાભ પામેલો. આંબો શું કહે છે કે મને ભેગો થયો ને કેરીની સીઝન હોય અને જો સામાને લાભ ના થાય તો હું આંબો જ નહીં. ભલે નાની કેરી હોય તો નાની, તને ઠીક લાગે તે, તને એનો લાભ તો થાય ને ! એ આંબો કંઈ લાભ ઉઠાવતો નથી. એવા કંઈ વિચાર તો હોવા જોઈએ ને આમ ? આ આવું મનુષ્યપણું કેમ હોવું જોઈએ ?

## મનુષ્ય જીવનનો વિશેષ ધ્યેય

આ ધ્યેય વગરનું જીવન, એનો અર્થ જ નથી. ડૉલર આવે છે અને ખઈ-પીને મોજ કરીએ અને આખો દહાડો ચિંતા-વરીઝ કર્યા કરીએ, એ જીવનનો ધ્યેય કેમ કહેવાય ? મનુષ્યપણું મળ્યું એ એળે જાય, એનો શો અર્થ છે ? એટલે મનુષ્યપણું મળ્યા પછી આપણા ધ્યેયને પહોંચવા માટે શું કરવું જોઈએ ? સંસારના સુખો જોઈતા હોય, ભૌતિક સુખો, તો તમારી પાસે જે કંઈ હોય તે આપો લોકોને. કંઈ પણ લોકોને સુખ આપો તો તમે સુખની આશા રાખી

શકો છો, નહીં તો સુખ તમને મળે નહીં અને જો દુઃખ આપો તો તમને દુઃખ મળશે.

**પ્રશ્નકર્તા :** આ મનુષ્ય અવતાર એળે ના જાય, એના માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** 'આ મનુષ્ય અવતાર એળે ના જાય' એનું જ આખો દહાડો ચિંતવન કરે તો તે સફળ થાય. આ મનુષ્ય અવતારની ચિંતા કરવાની ત્યારે લોકો લક્ષ્મીની ચિંતા કરે છે ! કોશિશ કરવાનું તમારા હાથમાં નથી, પણ ભાવ કરવાનું તમારા હાથમાં છે. કોશિશ કરવાનું બીજાની સત્તામાં (વ્યવસ્થિત શક્તિને આધિન) છે. ભાવનું ફળ આવે. ખરી રીતે તો ભાવેય પરસત્તા છે, પણ ભાવ કરો તો તેનું ફળ આવે છે.

**પ્રશ્નકર્તા :** મનુષ્ય જન્મની વિશેષતા શું ?

**દાદાશ્રી :** મનુષ્ય જીવન પરોપકાર માટે છે અને હિન્દુસ્તાનના મનુષ્યોનું જીવન 'એબ્સોલ્યુટીઝમ' માટે, મુક્તિ માટે છે. હિન્દુસ્તાન સિવાય બહાર બીજા ઈતર દેશોમાં જે જીવન છે એ પરોપકાર માટે છે. પરોપકાર એટલે મનનેય પારકાં માટે વાપરવાનું, વાણીયે પારકાં માટે વાપરવાની અને વર્તનેય પારકાં માટે વાપરવાનું !

જાત ઉપર ઉપકાર કરવા માટે જ બધું કરવાનું છે. જો જાત ઉપર ઉપકાર કરે તો એનું કલ્યાણ થઈ જાય, પણ એને માટે પોતાની જાત (પોતાના આત્માને) જાણવી પડે. ત્યાં સુધી લોકો ઉપર ઉપકાર કરવાના, એનું ભૌતિક ફળ મળ્યા કરશે. આપણી જાતને જાણવા માટે 'આપણે કોણ છીએ' એ જાણવું પડે.

બીજું આ હિન્દુસ્તાનના મનુષ્યનો અવતાર શેને માટે છે ? પોતાનું આ (અજ્ઞાન રૂપી) બંધન, કાયમનું તૂટે એ હેતુ માટે છે, 'એબ્સોલ્યુટ' થવા માટે છે અને જો આ 'એબ્સોલ્યુટ' (સંપૂર્ણ) થવાનું જ્ઞાન પ્રાપ્ત ના થાય તો તું પારકાંના સારુ જીવજે. આ બે જ કામ કરવા માટે હિન્દુસ્તાનમાં જન્મ છે.

## જગત કલ્યાણ એ સૂક્ષ્મ ભાષા

**પ્રશ્નકર્તા :** દાદા, આ લોકસેવા, સમાજ કલ્યાણ, જગત કલ્યાણ બધું એક જ કહેવાય ને ?

**દાદાશ્રી :** લોક ખરેખર જનસેવા કરે એવા નથી. આ તો મહીં અંદરખાને કીર્તિનો લોભ છે, માનનો લોભ છે, બધા જાતજાતના લોભ રહ્યા છે, તે કરાવડાવે છે. જનસેવા કરનારા માણસો તો કેવા હોય ? એ અપરિગ્રહી પુરુષ હોય. આ તો બધા નામ કાઢવા માટે, 'ધીમે ધીમે કોઈક દહાડો પ્રધાન થઈશ' એમ કરીને જનસેવા કરે. મહીં એની દાનત ચોર હોય. એટલે બહારની આફતો, વગર કામના પરિગ્રહો, એ બધું બંધ કરી દો તો બધું રાગે પડી જશે. આ તો એક બાજુ પરિગ્રહી, સંપૂર્ણ પરિગ્રહી રહેવું છે અને એક બાજુ જનસેવા જોઈએ છે, એ બન્ને શી રીતે બની શકે ?

આ તો લોકસેવા એટલા માટે કરવાની કે ભગવાન જડે એટલા સારુ. લોકસેવા તો હૃદયથી હોવી જોઈએ, હૃદયપૂર્વકનું હોય તો બધે પહોંચે. લોકસેવા અને પ્રખ્યાતિ બે ભેગી થાય ને તો મુશ્કેલીમાં મૂકી દે માણસને. પ્રખ્યાતિ વગરની લોકસેવા હોય ત્યારે સાચું. પ્રખ્યાતિ તો થાય જ જાણે કે, પણ પ્રખ્યાતિની ઈચ્છા રહિત થાય એવું હોવું જોઈએ.

સમાજ કલ્યાણ કરે છે, એ કંઈ જગતનું કલ્યાણ કર્યું ના કહેવાય. એ તો એક સાંસારિક ભાવ છે, એ બધું સમાજ કલ્યાણ કહેવાય. એ જેટલું સહુ સહુનાથી બને તેટલું કરે, એ બધી સ્થૂળ ભાષા કહેવાય. અને જગત કલ્યાણ કરવું એ તો સૂક્ષ્મ ભાષા, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભાષા છે ! ખાલી એવા સૂક્ષ્મતમ ભાવો જ હોય છે કે તેનાં છાંટણાં જ હોય છે.

એક માણસ ભગવાનને રોજ પ્રાર્થના કરે કે 'હે ભગવાન ! મને સુખી કરો, સુખી કરો.' બીજો માણસ પ્રાર્થના કરે ત્યારે બોલે કે 'હે ભગવાન ! ઘરનાં બધા માણસો સુખી થાય.' હવે એમાં પોતે તો આવી જ જાય. ખરો સુખી બીજો માણસ થાય, પહેલાની અરજી નકામી જાય. અને આપણે તો જગત કલ્યાણની ભાવના ભાવીએ તેમાં પોતાનું આત્યંતિક કલ્યાણ આવી જાય.

## જગત કલ્યાણની પરિભાષા

**પ્રશ્નકર્તા :** દાદા, જગત કલ્યાણ એ શબ્દ સમજાવો.

**દાદાશ્રી :** જગત કલ્યાણ તો કોનાથી બોલાય ? કોઈ બોલે નહીં, પોતાનું કલ્યાણ થઈ ગયું હોય તે જ બોલે. કોણ બોલે ? જગત કલ્યાણ કરવા માટે જાય તો આપણા લોકો બહાર કહે ને, 'ઘરથી કલ્યાણ કરીને આવ્યા છો કે એમ ને એમ અહીં આવ્યા છો ? જાવ, આવા ડાચા લઈને પાછા !' લોક જવાબ આપે કે ના આપે ? જગતનું કલ્યાણ કરવા આવ્યા છે ! હવે આપણા મહાત્માઓ શું કરે છે ? બસ લઈને નીકળે છે. તેઓ કહે છે કે 'ભઈ, અમે તો જગત કલ્યાણનું નિમિત્ત બનવા તૈયાર છીએ.' પણ 'અલ્યા, નિમિત્તેય શી રીતે ? તમારા ઘરનું કલ્યાણ થઈ ગયું છે ?' ત્યારે આપણા મહાત્માઓ 'હા' પાડે છે. શું કહે છે ? 'તમારે જે કરવું હોય એ કરો અમને, ને અમારું કલ્યાણ જોઈ લો.' તે જગતનું કલ્યાણ કરવા માટે નહીં પણ એમાં નિમિત્ત બનવા માટે નીકળે છે.

વર્લ્ડમાં કોઈએય જગત કલ્યાણની ભાવના ભાવેલી નહીં. પહેલા પોતાના જ પેટનું ઠેકાણું ના પડ્યું હોય, ત્યાં આગળ લોકોનો ક્યાં વિચાર કરે ? બધાએ ભાવના શું ભાવેલી ? કે ઊંચું પદ ખોળ ખોળ કરેલું. સાધુ હોય તો મને આચાર્ય ક્યારે બનાવે ? અને આચાર્ય હોય તો મને સૂરી ક્યારે બનાવે ? એ જ ભાવના બધાને. કલેક્ટર હોય તો મને કમિશ્નર ક્યારે બનાવે ? અને લોકોને કાળા બજાર કરવાની ભાવના. એ ભાવના સિવાય બીજું કશું છે નહીં.

## ચેરિટી બિગિન્સ ફ્રોમ હોમ

આ જગતનું કલ્યાણ કોણ કરી શકે તે જાણો છો ? પોતાનું જે કલ્યાણ કરે, તે બીજાનું કલ્યાણ કરે. પોતાનામાં બરકત ના હોય અને બહાર ભાષણો કરવા નીકળે. નીકળે છે કે નહીં, ભાષણ કરવા ? કલ્યાણ કરવા નથી નીકળતા ? એને ઘેર જઈને પૂછી આવો જોઈએ ? એની મા ગાળો દેતી હોય. એની બાઈડી તો કહે, 'ભઈ, એમની વાત જ જવા દો ને.' બઈ આવું બોલતી હોય, ત્યારે એ પાછો બહાર છે તો સેવા કરવા નીકળ્યો હોય. બને કે ના બને આવું ?

**પ્રશ્નકર્તા :** બને છે, ઘણું બને છે એવું. ઘર સિવાય બીજાનું કલ્યાણ કરવા જાય.

**દાદાશ્રી :** નહીં, ઘરમાં ના થાય એ બહાર કશું કરી શકતો જ નથી. ઘરમાં ફર્સ્ટ, પોતાનું ઘર, પછી પોતાના પાડોશીઓ, સગાંવહાલાં અને પછી આગળ વધે. આ તો બહાર એ કીર્તિ માટે ભટક ભટક કર્યા કરે અને ઘેર એની મા છે તે એ ગાળો ભાંડતી હોય. 'અરે, એનું નામ જ જવા દો ને.' ત્યારે આપણો કાયદો કેવો હોય ? ચેરિટી બિગિન્સ ફ્રોમ હોમ. (પરોપકારની શરૂઆત ઘરથી થાય.)

**પ્રશ્નકર્તા :** કોઈએ પોતાનું આત્મકલ્યાણ એટલે કે આત્માને જાણ્યો ન હોય અને પોતાનું કલ્યાણ ન કર્યું હોય અને છતાંય એને ભાવ હોય કે મારે મારું કરવું છે અને બીજાનું પણ કરવું છે તો એ થઈ શકે ખરું ?

**દાદાશ્રી :** થાય ને ! પણ પહેલી પોતાના ઘરથી શરૂઆત કરવી. આ તો બહારનું કલ્યાણ

કરવા નીકળ્યા છે ને લોકસેવકો, તે એ ઘેર દુઃખ આપે છે ને બહાર જાય છે તે લોકો 'આવો-પધારો' કરે છે, તેય મસ્તીમાં કરે છે. એય એમને હેબિચ્યુએટેડ થઈ ગયું છે. કલ્યાણ કોનું નામ કહેવાય, કે અપમાન કરે તોય એને ત્યાં ફરી કલ્યાણ કરવા જાય. આ તો એક દહાડો અપમાન તો કરી જુઓ ?

## કષાય સહિત પ્રરૂપણા, નર્કે લઈ જાય

**પ્રશ્નકર્તા :** પછી સામુંય ના જુએ. કલ્યાણ કરવાની ક્યાં વાત રહી ?

**દાદાશ્રી :** પોતાને ત્યાં જ ક્લેશ હોય, જગતને કેમ પહોંચે ? જ્યાં સુધી ક્લેશ છે ત્યાં સુધી સંસારમાં ભટકવાનું છે. અત્યારે આ કાળમાં ઉપદેશ આપવા જાય તો બંધાય તેવું છે. કષાય સહિત પ્રરૂપણા એ નર્કે જવાની નિશાની છે.

બહુ સ્ટ્રોંગ વાક્ય બોલું છું. પણ આની પાછળ કરુણા છે અમારી ! અરે, આ નર્કે જવાનું ક્યાંથી ખોળી કાઢ્યું ? પ્રરૂપણા કરવા (ઉપદેશ આપવા) બેઠા ! જાણે પોતાનું કલ્યાણ થઈ ગયું, તે લોકનું કલ્યાણ કરવા બેઠાં ! કષાય ખરા કે નહીં ? કષાય છે અને પ્રરૂપણા કરો છો, તો નર્કે જશો.

## કડક વાણી થકી જ્ઞાની કાઢે રોગ

આવી કડક વાણી અમને વીતરાગને ન હોય, પણ શું કરીએ ? એમના રોગને કાઢવા ગજબની મહીં વીતરાગતા સાથે સંપૂર્ણ કરુણાભરી વાણી સરી પડે છે ! એમાં એમનોય દોષ નથી, એમની ઈચ્છા તો મોક્ષે જ જવાની છે પણ અણસમજણથી અવળું થાય છે. કાળ જ બહુ વિચિત્ર આવ્યો છે. તેની આંધીમાં બધા લપટાયા છે. અમને તો અપાર કરુણા હોય. અમને સહુ નિર્દોષ જ દેખાય. કારણ કે અમે જાતે નિર્દોષ દ્દષ્ટિ કરીને આખાય જગતને નિર્દોષ જોઈએ છીએ !

તાત્વિક દ્દષ્ટિએ જોઈએ તો દોષ કોઈનોય નથી. સંજોગો એવા છે તેથી આ અમે કડક બોલીએ છીએ, તે સામા માટે સંપૂર્ણ કરુણા હોવાથી તેનો રોગ કાઢવા બોલીએ છીએ. આ વાણી રાગ-દ્વેષ વગરની છે, વીતરાગ વાણી છે. આ વાણી સાંભળે અને જો ધારણ કરે તો તેનું કલ્યાણ જ થઈ જાય. આ વાણી જો ધારણ કરે ને, તો બધો રોગ જુલાબ વાટે નીકળી જાય ! અવગુણોના જે પરમાણુ છે ને, એ બધા જુલાબ વાટે નીકળી જાય !

## ભાવના આપણી, કાર્ય કુદરતનું

**પ્રશ્નકર્તા :** જેનું કલ્યાણ થયું હોય, એ જ બીજાનું કલ્યાણ કરી શકે ને ?

**દાદાશ્રી :** બીજો કોણ કરી શકે ?

**પ્રશ્નકર્તા :** આ બધા જે ભાવનાઓ કરે છે...

**દાદાશ્રી :** ભાવના જ કરવાની, બીજું શું કરવાનું છે ? કલ્યાણ કરવાનું નથી, કલ્યાણ થાય કે ના થાય, તમારે ભાવના જ કરવાની.

કલ્યાણ તમે કેવી રીતે કરી શકો, જ્યાં સંડાસ જવાની શક્તિ નથી ત્યાં ? મને સુખ છે એવું સુખ લોકોને હો, એવા ભાવ કરવાના. જગત કલ્યાણની તો આપણે ખાલી ભાવના જ કરવાની છે, પછી કાર્ય તો કુદરત કરશે. પોતાનું કલ્યાણ થઈ જાય, ત્યાર પછી (કલ્યાણની)એ ભાવના ઉત્પન્ન થાય. પોતાનું કલ્યાણ થઈ જાય ત્યાં ક્લેશ રહ્યો ના હોય ત્યારે એ જગત કલ્યાણની ભાવના ભાવે.

## આત્મ કલ્યાણ થાય તો જગત કલ્યાણ કરી શકે

**પ્રશ્નકર્તા :** દરેક મનુષ્યની પહેલી ફરજ, એ આત્મ કલ્યાણ કરવાની કે જગત કલ્યાણ કરવાની ?

**દાદાશ્રી :** એવું છે ને કે આત્મ કલ્યાણ કરે તો ઉત્તમ છે, તો જ જગત કલ્યાણ કરી શકે. નહીં તોય આત્મ કલ્યાણ ના થાય એવું હોય તોય જગત

કલ્યાણ નહીં પણ સમાજ કલ્યાણની વાત કરવી. આત્મ કલ્યાણ હોય તો બધું જ કલ્યાણ કરી શકે. જે પોતાનું કલ્યાણ કરી શકતો નથી એ બીજાનું કઈ રીતે કરી શકે ? આત્મ કલ્યાણ એટલે પોતાનું કલ્યાણ. આત્મા એટલે સેલ્ફ અને સેલ્ફનું કલ્યાણ એ પોતાનું કલ્યાણ. જે પોતાનું કલ્યાણ કરી શકે એ જ બીજાનું કરી શકે.

**પ્રશ્નકર્તા :** આત્મ કલ્યાણ, આપણું પોતાનું જ કલ્યાણ કરવાની ભાવના કરીએ તો એ સ્વાર્થ નથી ? સેલ્ફિશ કન્સિડરેશન (સ્વાર્થનો વિચાર) ના કહેવાય ?

**દાદાશ્રી :** ના, સ્વાર્થનું કહેવાય નહીં. એ પહેલું કર્યું હોય ને, તો બીજાનું કરી શકે. પોતાનું જ કલ્યાણ ન થયું હોય અને પોતે આખો દહાડો અજંપામાં રહેતો હોય તે શું કરે ?

જ્યારે આ જગતમાં કંઈ પણ દ્વંદ્વ અસર ના કરે, કોઈ પણ વસ્તુ અસર ના કરે ને 'હું શુદ્ધાત્મા છું' એવું ભાન થઈ જાય કે થઈ ગયું કલ્યાણ !

## જ્ઞાની થકી થાય આત્મ કલ્યાણ

**પ્રશ્નકર્તા :** એક સંત કહેતા હતા કે લોક કલ્યાણ કરવા કરતા આત્મ કલ્યાણ જ શ્રેષ્ઠ છે.

**દાદાશ્રી :** બરોબર છે, પણ એ આત્મ કલ્યાણ ના થાય ત્યાં સુધી સમાજ કલ્યાણ કર્યા કરવું. આત્મ કલ્યાણ તો અઘરું છે. આત્મ કલ્યાણ તો કોઈ દહાડોય હોય નહીં. અનંત અવતાર ભટકે, પછી હિમાલયમાં ભટકે, ગમે ત્યાં ભટકે, કોઈ જગ્યાએ આત્મ કલ્યાણ હોય નહીં. એ બધું બહારનું ને બહારનું જ. મોટા મોટા આચાર્યો જ રખડી મર્યા છે ને બધા ! આ આટલા બધા ખોળ-ખોળ કરે છે કે 'હું આત્મા છું', એવું જાણે છે તોયે નથી થતું ને ! ના થાય એ વસ્તુ. એ સહેલી વસ્તુ નથી. એ તો કો'ક ફેરો જ્ઞાની પુરુષ હોય, જેના અહંકાર ને બુદ્ધિ બધા ગયા હોય, ત્યાં આત્મ કલ્યાણ થાય. ક્રમિક માર્ગે જ્ઞાનીઓ હજારો વર્ષે પાકે છે, પણ એ પોતે દીવો બીજાને ધરે ને પોતે દીવો માગે પાછા આગળનો. એટલે એમને પોતાને બીજા આગળના દીવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ જે આત્મ કલ્યાણ કરતો જ હોય અગર આત્મ કલ્યાણ કરવાની જેની ભાવના હોય, એનાથી સહેજે લોક કલ્યાણ ન થઈ જાય ?

**દાદાશ્રી :** એનાથી જ કલ્યાણ થયેલું.

**પ્રશ્નકર્તા :** એને પછી કરવા જવું પડે ? એના માટે જુદું ક્ષેત્ર એણે પસંદ કરવું પડે ?

**દાદાશ્રી :** ના, એને સહેજાસહેજ થયા કરે. એના વાતાવરણથી જ થયા કરે. એની વાણીથી, એના વર્તનથી, એના વાતાવરણથી.

ભગવાન એવું કહે છે કે તારે બીજાને પમાડવું હોય તો તારે કશાની જરૂર નથી. તારા આચાર-વિચાર જોઈને જ સામાને લાભ થાય, તને જોઈને જ લાભ થાય.

## જગત કલ્યાણ વિધાઉટ ઈગોઈઝમ

**પ્રશ્નકર્તા :** આત્મ કલ્યાણ કરનારના વાણી, વર્તન અને વિચારો એવા કેવા હોય કે એના વાતાવરણથી જ બીજાનું કલ્યાણ થઈ જાય ?

**દાદાશ્રી :** એ બધું મનોહર હોય, મનનું હરણ કરે એવા હોય, મન ખુશ થઈ જાય. એમનો વિનય જુદા પ્રકારનો હોય. એ વાણી જુદા પ્રકારની હોય. વિધાઉટ ઈગોઈઝમ (અહંકાર વિનાનું) વર્તન હોય. ઈગોઈઝમ સિવાયનું વર્તન જગતને કોઈક ફેરો જોવાનું મળી આવે, નહીં તો મળે નહીં ને !

**પ્રશ્નકર્તા :** અમારું પણ વર્તન તો એવું હોવું જોઈએ ને ? અલબત્ત જે જગત કલ્યાણનો ધ્યેય

હોય કે જે ઊંચામાં ઊંચો ધ્યેય હોય, દાદાનો ધ્યેય બધા કરતાં ઊંચો છે, પણ છતાંય વર્તન કોઈ કહી શકે નહીં કે દાદાના વર્તનમાં જ્યાં કિંચિંત્‌માત્ર પણ કોઈ ભૂલ હોય. કોઈ જીવને પણ કિંચિંત્‌માત્ર દુઃખ આપી શકે એ દાદા નહીં.

**દાદાશ્રી :** આ જ્ઞાનના પ્રતાપે બધું જ થાય એમ છે. હું તમને કેવી રીતે વર્તવું, તે સમજાવીશ અને જો પાર ઊતરી ગયા, તો તો બહુ ઉત્તમ. તમારું કલ્યાણ થઈ જશે !

## જ્ઞાનીનું જ્ઞાન સમજે થાય કલ્યાણ

જ્ઞાની પુરુષના એક જ વાક્ય પ્રમાણે આખી જિંદગી નીકળે ને, તો કલ્યાણ કરી નાખે. એક જ વાક્ય જો કદિ જ્ઞાનીનું ઉતરી જાય તો આખી જિંદગીનું કલ્યાણ કાઢી નાખે. જ્ઞાની પુરુષ આમ કોઈ દહાડો હોય નહીં અને હોય તો બુદ્ધિવાળા જ્ઞાનીઓ હોય. બુદ્ધિવાળા જ્ઞાનીઓ ચાલે નહીં. બુદ્ધિવાળા હરીફવાળા હોય, એક-એકથી ચઢતા હોય. બુદ્ધિ વગરના જ્ઞાની હોય તે પૂર્ણ હોય. અમારે બુદ્ધિ ના હોય, બિલકુલેય નહીં.

જ્યાં બુદ્ધિ પહોંચે એ સંસારીઓના ઘરની વાત. બધાએ બુદ્ધિની અંદરની (મર્યાદામાં રહીને) વાત કરી છે. જ્યાં બુદ્ધિ ના પહોંચે એ ખુદાના ઘરની વાત અને જેને બુદ્ધિનો અભાવ થયો ને બુદ્ધિ ગઈ, તેનું કલ્યાણ થઈ જાય. ખુદા ભેગા થયા ત્યારથી બુદ્ધિ અમારી ખલાસ થઈ ગઈ. ખુદાને દેખ્યા કે અમારી બુદ્ધિ અલોપ થઈ ગઈ. ખુદાની પાસે બેઠાં બેઠાં આનંદ રહે છે. અને ખુદા શું કહે છે ? 'એક સંદેશો આપો કે જેથી જગત આખું પાછું ફરે. આખું જગત બફાઈ રહ્યું છે, અને તે સાયન્ટિફિક રીતે આપો.' તે મને સાયન્ટિફિક રીતે ખુદાએ આપ્યું. તે પ્રમાણે હું જગતને આપવા માગું છું.

મૂળ વસ્તુસ્થિતિમાં હું શું કહેવા માગું છું એ જો સમજે ને તો કલ્યાણ થઈ જાય ! દરેક વાક્યમાં હું શું કહેવા માગું છું, એ આખી વાત જ જો સમજવામાં આવે તો કલ્યાણ થઈ જાય !

## મુક્ત હાસ્ય થકી થાય કલ્યાણ

એક પણ માણસ દોષિત દેખાય, ત્યાં સુધી હાસ્ય ઉત્પન્ન ના થાય. જગત આખું નિર્દોષ દેખાશે ત્યારે મુક્ત હાસ્ય ઉત્પન્ન થશે. ભાર વગરનું મુક્ત હાસ્ય ઉત્પન્ન થાય જ નહીં એવો નિયમ છે. મુક્ત હાસ્યથી તો માણસ કલ્યાણ કરી નાખે. મુક્ત હાસ્યના એક ફેરો દર્શન કરે ને તોય કલ્યાણ થઈ જાય ! એ તો હવે પોતે તે રૂપ થવું પડશે. પોતે થાય તો બધું રાગે પડી જાય. હંમેશાં પર્સનાલિટી (વ્યક્તિત્વ) જ કંઈ એકલી કામ નથી કરતી. પોતાનું જે ચારિત્ર એ બહુ મોટું કામ કરે. તેથી જ તો શાસ્ત્રકારોએ કહ્યું કે જ્ઞાની પુરુષ એક આંગળી ઉપર આખું બ્રહ્માંડ ઊભું રાખે. કારણ કે ચારિત્રબળ છે. ચારિત્રબળ એટલે શું ? નિર્દોષ દૃષ્ટિ. નિર્દોષ દૃષ્ટિ દાદા પાસે સાંભળી અને હજુ તમને પ્રતીતિમાં બેઠી છે, અમને અનુભવમાં હોય. પ્રતીતિ તમને બેઠી છે ખરી, પણ હજુ વર્તનમાં આવતા વાર લાગે ને ? બાકી માર્ગ આ છે. માર્ગ સહેલો છે ને કશો વાંધો આવે એવો નથી.

કોઈનુંય મન તમારાથી સહેજ પણ જુદું પડ્યું, તો તમે 'કેવળજ્ઞાન'થી જુદા પડ્યા ! ઓછામાં ઓછાં મન લોકોના આપણાથી જુદા થવા જોઈએ. નહીં તો ત્યાં સુધી 'મુક્ત હાસ્ય' આવશે નહીં ને 'મુક્ત હાસ્ય' વગર જગત વશ થશે નહીં, ને ત્યાં સુધી જગતનું કલ્યાણ થાય નહીં.

## મનને આપો સત્સંગરૂપી ખોરાક

સત્સંગમાં મનને (જગત કલ્યાણરૂપી) ખોરાક આપણે ના આપીએ એટલે એ આપણને ખાઈ જાય. એને ખોરાક નાખવો જ પડે. પેલામાં વ્યવહારમાં તો આપણને ખોરાક મળ્યા જ કરે એમ ને એમ. પેલો

કશું બોલે તે પહેલાં આપણે સામું આપી દઈએ. એટલે એવું મનને ખોરાક મળ્યા કરે. આ સત્સંગમાં કયો ખોરાક મળે ? આમાં ક્લેશ હોય નહીં. આમાં સામું આપી દેવાનું નહીં ને !

મન જોડે થોડું-ઘણું બોલે એટલે મનને પેલું બીજું કાર્ય બંધ થઈ જાય. એટલે આત્મા સ્થિર થાય. પછી જો વાંચવું હોય તો વાંચેય ખરો. એ વાંચે તો આત્માનો ઉપયોગ કર્યો કહેવાય. નહીં તો સ્થિર થાય, એટલે એય આત્માનો ઉપયોગ કહેવાય.

એટલે આખો દહાડો પછી અંદર બોલાય બોલાય કરવું ને મનને કામ જ સોંપ સોંપ કરવું. બીજો ખોરાક જમવા ન જાય એ વીતરાગ થયો. બીજો ખોરાક (કોઈના દોષ, નેગેટિવ જોવાનું) જમતો હોય તો આપણે જગત કલ્યાણનું કામ સોંપીએ ને, એટલે બેનો વિરોધાભાસ થાય. એટલે આ બધું ઊડી જાય. વાણી બોલે જુદી અને મન વિચારે જુદું, વાણીના બોલવામાં પેલા મનના વિચાર ને બધું ઊડી જાય. ફરી આવો તાલ મળવાનો નથી કોઈ અવતારમાં.

**પ્રશ્નકર્તા :** મનને તો આ સત્સંગનો જ ખોરાક જોઈએ છે.

**દાદાશ્રી :** હા, મનનો સ્વભાવ એવો છે કે આ (જગત કલ્યાણનું કામ) પકડે નહીં અને પકડ્યા પછી છોડે નહીં આ. આમ અટાવી-પટાવીને બધું ચોગરદમથી પકડાવી દીધું, આ જે પકડાઈ ગયું પછી એ છોડે નહીં એ સારો સ્વભાવ કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** પછી સત્સંગ ના મળે તો મન કંટાળે.

**દાદાશ્રી :** હા, એટલે આ પહેલું મન પકડે નહીં. કારણ કે મન આ પકડે તો મનનું મરણ થાય છે. એટલે પોતાના મરણને કોઈ ઈચ્છે નહીં. પણ આપણે આડાઅવળી સમજાવીને એને પીવડાવી દઈએ, પછી છે તે આમ થઈ જાય. પછી એને છોડે નહીં. છોડે નહીં એટલે જાણવું કે કરેક્ટ (બરાબર) થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** તોય મનનો સ્વભાવ પેલો પાછલો સ્વભાવ બતાડે.

દાદાશ્રી : એ તો બતાવે ને ! આ તો બધા (મહાત્માઓ) અંતરમુખી થઈ ગયા. અંદર ક્યા હો રહા હૈ એ બધું દેખાય.

### મનને પરોવવું જગત કલ્યાણ કાજે

**પ્રશ્નકર્તા :** જગત કલ્યાણની વાત કરી, મનને કહીએ કે જગત કલ્યાણ કરવાનું છે, તો એમાં એને ઉતાવળ તો આવે ને ?

**દાદાશ્રી :** એમાં ખરી મઝા આવશે. એનાં ખૂણા બહુ મોટા છે. આખું એનું સર્કલ બહુ મોટું છે. અમે એમાં જ મૂકેલું છે અમારા મનને. તે રાત-દહાડો ખૂણા ખોળ્યા જ કરે, એની મેળે. એ ફલાણા ભાઈને જ્ઞાન આપીએ, ફલાણા ભાઈને આમ કરીએ, એવું બધું ખોળીને આવે એની મેળે. અને આપણું કામ તો થયા જ કરે. એ સ્ટેડી (સ્થિર) રહે અને આપણને હેરાન ના કરે. એ જીવતું રહે. એ આનંદમાં રહે ને આપણને આનંદમાં રાખે.

એવી (કલ્યાણની) ભાવના હવે ભાવવી જોઈએ. એને માટે મનને શું ખોરાક આપવો જોઈએ કે જગતનું કલ્યાણ હો, એ કલ્યાણમાં નિમિત્ત થઉં એટલે મનને કામ આપશો ને, એટલે મન એવું કામ કર્યા કરશે. એને એક કામ આપી દેવાનું અને જગત કલ્યાણ એ જ આપણું કામ. પોતાનું કલ્યાણ એટલે શું કે જગતનું કલ્યાણ એ જ પોતાનું કલ્યાણ. માટે કામ આપી દો ને ! તો એને માટે આમ કરશે, તેમ કરશે. કોઈ જતાં હોય તો કહેશે, 'હેંડો દાદાને ત્યાં.' પછી મનેય એવું કામ કરશે.

**પ્રશ્નકર્તા :** મનમાં થયા કરે કે હવે જલદી આ પૂરું થઈ જાય.

**દાદાશ્રી :** મનનો સ્વભાવ તો જેમાં મૂકો તેમાં ઉતાવળ કરે. હમણાં ગાડીમાં જવાનું હોય તો ત્યાં ઉતાવળ કરે. ઊતરવાનું હોય ત્યાં ઉતાવળ કરે. જ્યાં મૂકો ત્યાં મનનો સ્વભાવ જ ઉતાવળિયો. 'ઝટ કરો, ઝટ કરો' કહેશે. 'ઝટ કરીને તો દશા થઈ મારી' કહીએ. પણ મનનો સ્વભાવ જ છે એ.

હવે એ શાથી મન કૂદાકૂદ કરે છે ? મનને (જગત કલ્યાણનું) કોઈ કામ આપ્યું નથી. મનને કામ આપવું જોઈએ. મન નવરું પડે ને તો 'ઝટ કરો, ઝટ કરો' કહે. ક્યાં ઝટ કરો ? ત્યારે કહીએ, 'મોક્ષમાં.' ત્યારે મૂઆ, અત્યાર સુધી આ બાજુ (સંસારમાં) 'ઝટ કરો, ઝટ કરો' કહેતું હતું ને ?

એટલે મન વિરોધાભાસી છે. એમાં એક પ્રકારનું નથી. જે બાજુ મોઢું ફેરવી આપો ને, તો એ બાજુ ચાલવા જ માંડે. તમને ફેરવી આપતાં આવડવું જોઈએ. એને મારી-ઠોકીને કહીએ, 'તું ફર, તું ફર.' ત્યારે એ નહીં ફરે. તમે એને ફેરવી આપો ને ! મનનો સ્વભાવ છે એવો ! એને ઓળખીને કામ લેવું પડે. એના સામા થવામાં ફાયદો નહીં.

જગત કલ્યાણમાં મન પરોવી દઈએ તો મન ઠેકાણે રહે. ચિત્તને ઠેકાણે રાખવા 'જ્ઞાની પુરુષ'ની 'કૃપા' પ્રાપ્ત કરવી પડે. જગત કલ્યાણ કરનારને ઘેર તો કોઈ દિવસ દુઃખ હોય જ નહીં.

## ઠરેલા દિલ થકી થાય કલ્યાણ

'માનુષ ખોજત મૈં ફીરા, માનુષકા બડા સુકાલ.' 'જાકો દેખી દિલ ઠરે, તા કાં પડ્યા દુકાલ' કબીરજી કહે છે. માણસો સામાસામી અથડાતા'તા પણ આખી દિલ્હીમાં દિલ ઠરે એવો માણસ ના જોયો એટલે બીજે ગામ ભટકવા ગયો, કહે છે. એટલે દિલ ઠરે એવા માણસો ભેગા થઈ જાય તો આપણું કલ્યાણ થઈ જાય અને યુવાનો-બુવાનો બધા ફરી જાય. અહીં મારી હાજરીમાં તો આ યુવાન ખસતાં જ નથી. એમને પૈણવુંય નથી.

## જ્ઞાનીના દર્શનથી ભવોભવનું કલ્યાણ

લોકો બધું કરે છે, મંદિરોમાં જાય છે, દર્શન કરે છે એ બરોબર કરે છે. એમને શાંતિ જોઈએ છે. એમને દર્શન ક્યાં કરવા છે ? એ જ્યાં દર્શન કરવા જાય ને, તો એને શરમ ના આવે એવું જોઈએ છે. જીવતાં જોડે એને શરમ આવે છે અને મૂર્તિ પાસે તમે કહો તો નાચે હઉ. નાચે-કૂદે એકલો ! પણ જીવતા જોડે એને શરમ આવે છે. અને જો જીવતા પાસે કર્યું તો એનું કલ્યાણ થઈ જાય, આત્યંતિક કલ્યાણ થઈ જાય. પણ એવી શક્તિ ના હોય ને ! એવી પુણ્ય ના હોય.

અમારા પાંચ જ મિનિટના દર્શનથી તમારું ભવોભવનું કલ્યાણ થાય તેમ છે, અહીં બધા જ ભગવાનના દર્શન થાય તેમ છે. તમારે જેના દર્શન કરવા હોય તે કરજો.

## નિર્મળતા-પ્યૉરિટીથી જગકલ્યાણ

**પ્રશ્નકર્તા :** લોકોનું કલ્યાણ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** કલ્યાણ કરવામાં એક જ વસ્તુ છે કે જે પોતાનું કલ્યાણ કરે છે તે બીજાનું કલ્યાણ વગર બોલ્યે કરી શકે છે ! એટલે કરવાનું કેટલું છે ? 'જ્ઞાની પુરુષ'ની પાસે પોતાનું કલ્યાણ કરી લેવાનું છે. પછી પોતે કલ્યાણસ્વરૂપ થયો એટલે વગર બોલ્યે (ઉપદેશ આપ્યા વગર) લોકોનું કલ્યાણ થાય છે અને જે લોકો બોલ બોલ કરે છે એમાં કશું વળતું નથી. ખાલી ભાષણો કરવાથી, બોલ બોલ કરવાથી કશું વળતું નથી. બોલવાથી તો બુદ્ધિ ઈમોશનલ થાય છે. એમ ને એમ જ એમનું ચારિત્ર જોવાથી, એ મૂર્તિ જોવાથી જ બધા ભાવ શમી જાય છે. માટે એમણે તો ફક્ત પોતે જ તે રૂપ થઈ જવા

જેવું છે. 'જ્ઞાની પુરુષ'ની પાસે રહી તે રૂપ થવું. આવા પાંચ જ તૈયાર થાય તો કેટલાંય લોકોનું તે કલ્યાણ કરે ! સાવ નિર્મળ થવું જોઈએ અને 'જ્ઞાની પુરુષ'ની પાસે નિર્મળ થઈ શકે.

લોકોનું કલ્યાણ ક્યારે થાય ? આપણે ચોખ્ખા થઈએ તો, બિલકુલ ચોખ્ખા ! પ્યૉરિટી એ જ બધાનું, આખા જગતનું આકર્ષણ કરે. પ્યૉરિટી ! પ્યૉર વસ્તુ જગતનું આકર્ષણ કરે અને ઈમ્પ્યૉર વસ્તુ જગતને ફ્રેક્ચર કરે. એટલે પ્યૉરિટી લાવવાની.

## આજ્ઞામાં રહો અને ભાવના ભાવો કલ્યાણની

હમણાં આજ્ઞામાં રહો એટલું જ, એ પછી એનું ફળ આવશે ત્યારે ને ! અત્યારે ભણતાં હોય ફર્સ્ટ સ્ટાન્ડર્ડ, સેકન્ડ સ્ટાન્ડર્ડ કે ચોથાં-પાંચમામાં, અમથા કૂદાકૂદ કરીએ, મેટ્રિક સુધી ! હજુ તો હાસ્ય ઉત્પન્ન થયું નથી, ટેન્શન ગયા નથી. સમજી લેવું એ વાત જુદી છે, પણ વગરકામના ફાંફાં મારવાં, કૂદકા મારવા તેથી આ નીચે જઈને ખોવાઈ જાય. એટલે આજ્ઞામાં રહીને ધીમે ધીમે આગળ વધો. એટલે આજ્ઞામાં રહેવું અને જગતના કલ્યાણની ભાવના કરવી. આ તો કંઈ આ ભવમાં જ પૂરું થશે કે હજુ કેટલા ભવમાં થશે, તે એનું ઠેકાણું નહીં ને ! એ ખોટા કૂદકાં મારીએ !

## કલ્યાણ કાજે તાવી જોવું અંતઃકરણ

જગતનું કલ્યાણ કરવું જેમ તેમ કરીને (જેટલું થાય તેટલું). પણ એય એનો કાળ પાકશે ને ? એ કંઈ ઉતાવળથી હમણે દોડધામ કરીએ આપણે, (અને) લિફ્ટમાં ચઢીએ ને ઊતરીએ તો થઈ જાય ?

ત્યાં સુધી બધું મહીં તાવી જોવાનું કે ભાવના જગત કલ્યાણની છે કે માનની ? લાલચ ના હોય તો જગત કલ્યાણ થાય. પોતાના આત્માને તાવી જુએ તો બધી ખબર પડે એવું છે. વખતે મહીં માન રહેલું હોય તોય એ નીકળી જશે. કારણ કે કોઈ પ્રધાનને બહાર બધું સારું હોય પણ ઘરનો દુઃખી હોય તો એને સત્તા આપે તો એ લાખ-બે લાખ ખાઈ જાય, પણ પછી ધરાઈ જાયને ? અને આપણું તો આ વિજ્ઞાન છે, એટલે હવે જે માન રહ્યું તે નિકાલી માલ ને ! તે ધીમે ધીમે ખલાસ થઈ જશે, છતાં ત્યાં સુધી બધી જાગૃતિ રાખવી પડે. કોઈ ગાળો ભાંડે, અપમાન કરે તોય માન ના જાગવું જોઈએ. ધોલ મારે તોય માન શાને માટે જાગે ? આપણે તો જાણવું જોઈએ કે સાત ધોલ મારી કે ત્રણ ? જોરથી મારી કે હલકી ? એવું જાણવાનું. પોતાના સ્વભાવમાં તો આવવું પડશે ને ? તમારે તો નક્કી કરવાનું સવારના, કે આજે પાંચ અપમાન મળે તો સારું ને પછી આખા દહાડામાં એકુંય ના મળ્યું તો અફસોસ રાખવાનો, તો માનની ગાંઠ ઓગળે. અપમાન થાય, તે ઘડીએ જાગૃત થઈ જવું.

એક જ માણસ સાચો હોય તો જગત કલ્યાણ કરી શકે ! સંપૂર્ણ આત્મભાવના હોવી જોઈએ. એક કલાક ભાવના ભાવ ભાવ કરજે અને વખતે તૂટી જાય તો સાંધીને પાછું ચાલુ કરજે. આ ભાવના ભાવી છે તો ભાવનાનું જતન કરજે ! લોકોનું કલ્યાણ થાય એ માટે ત્યાગી વેષ, દીક્ષા લેવાની ઈચ્છા છે (તને). મન બગડતું ના હોય પછી દીક્ષા લેવામાં વાંધો નહીં.

## કલ્યાણની ભાવના જીતાડશે વિષય સામે

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપ મને વિધિ કરી આપો. મારે આખી જિંદગીનું બ્રહ્મચર્ય વ્રત લેવું છે.

**દાદાશ્રી :** તને અપાય તેવું છે અને તું પાળી શકે એવું સ્ટ્રોંગપણું તારામાં છે, છતાં અમે વિધિ કરી આપીએ ત્યાં સુધી આ ભાવના કરજે. દાદા તો ગણતરીવાળા છે, અનંત ગણતરીવાળા છે, એટલે હમણાં તું ભાવના કરજે પછી આપીશું. આ કાળમાં તો બ્રહ્મચર્ય આખી જિંદગીનું અપાય એવું નથી. આપવું એ જ જોખમ છે. વર્ષ દહાડાનું અપાય. માટે

ભાવના કરજે અને અમે તને ભાવના કરવાની શક્તિ આપીએ છીએ. પદ્ધતિસરની ભાવના કરજે, ઉતાવળ ના કરીશ. ઉતાવળ એટલી કચાશ. અમે તો કોઈનેય એમ ના કહીએ કે બ્રહ્મચર્ય પાળજે, આ આજ્ઞા પાળજે. એમ કહેવાય જ કેમ ? આ 'બ્રહ્મચર્ય એ શું વસ્તુ છે ?' એ તો અમે જ જાણીએ છીએ ! તારી તૈયારી જો હોય તો વચનબળ અમારું છે, નહીં તો પછી જ્યાં છે ત્યાં જ પડી રહે ને ! જો આ બ્રહ્મચર્ય વ્રત લઈશ ને સંપૂર્ણ કરેક્ટ પાળીશ, તો વર્લ્ડમાં અજાયબ સ્થાન પ્રાપ્ત કરીશ અને અહીંથી સીધો એકાવતારી થઈને મોક્ષે જઈશ. અમારી આજ્ઞામાં બળ છે, જબરજસ્ત વચનબળ છે. જો તારી કચાશ ના હોય તો વ્રત તૂટે નહીં, એટલું બધું વચનબળ છે.

જગતનું કલ્યાણ વધુ ક્યારે થાય ? ત્યાગમુદ્રા હોય ત્યારે વધારે થાય. ગૃહસ્થમુદ્રામાં જગતનું કલ્યાણ વધુ થાય નહીં, ઉપલક બધું થાય. પણ અંદરખાને બધી પબ્લિક ના પામે. ઉપલકમાં બધો મોટો-મોટો વર્ગ (પુણ્યશાળી લોકો) પામી જાય, પણ પબ્લિક ના પામે. ત્યાગ આપણા જેવો હોવો જોઈએ. આપણો ત્યાગ એ અહંકારપૂર્વકનો નહીં ને ! અને આ ચારિત્ર તો બહુ ઊંચું કહેવાય !

આ છોકરાઓ દીક્ષા લેવાની ભાવનાવાળા છે. પોતાનો મોક્ષ તો મહીં થઈ ગયેલો હોય. એટલે એ તો ખોળવાની ઈચ્છા જ ના હોય ને ? પોતાનો મોક્ષ થયો હોય તો જગતકલ્યાણ કરવાની ભાવના થાય, નહીં તો પોતાનું જ કલ્યાણ ના થયું હોય, ત્યાં જગતકલ્યાણ કરવાની ભાવના શી રીતે થાય ? એટલે આ બ્રહ્મચારીઓ બધા શું કહે છે કે 'અમારું તો કલ્યાણ થઈ ગયું, હવે અમારે જગતનું કલ્યાણ કરવું છે, તો અમારે શું કરવું જોઈએ ?' ત્યારે મેં એમને કહ્યું, 'હવે પૈણી લો.' ત્યારે એ કહે છે કે 'ના, અમારે પૈણવું તો છે જ નહીં. જગતનું કલ્યાણ કરવા માટે પૈણવાથી વચ્ચે હરકત થાય એવું છે.' ત્યારે મેં તેમને કહ્યું કે 'તું બ્રહ્મચર્ય પાળ, તો તું જગતનું કલ્યાણ કરી શકીશ.'

જવાનીમાં જ બ્રહ્મચર્ય જોઈએ એવો પાછો નિયમ નથી. જવાનીનું બ્રહ્મચર્ય એ તો બહુ ઊંચી વસ્તુ છે. પણ હું કહું છું કે ગમે ત્યારે લે. અરે, ઘૈડપણ હોય ને મરવાના દસ દહાડા અગાઉ બ્રહ્મચર્ય વ્રત લે તોય કલ્યાણ કાઢી નાખે અને તેય જ્ઞાનીના હાથે બ્રહ્મચર્ય વ્રત હોવું જોઈએ. જે સર્વાંગ બ્રહ્મચારી છે એવા જ્ઞાનીના હાથે જ વ્રત અપાવવું જોઈએ. આમાં એવું નથી પાછું કે આ વ્રત લઈ જ લેવું જોઈએ, આમાં ફક્ત આપણી ભાવના જોઈએ. કરવું જોઈએ કહીએ પણ કર્યે થતું નથી. આજે આપણે એમ કહીએ કે મારેય બ્રહ્મચર્યવ્રત લેવું છે, પણ તેવું થઈ શકે નહીં. ભાવના કર્યા કરવી જોઈએ તો ક્યારેક ઉદયમાં આવશે ને ઉદયમાં હોય (આવે) ત્યારે બ્રહ્મચર્ય વ્રત લેવું. ભાવના કરી છે, તો ઉદય એની મેળે ટાઈમે આવીને ઊભો રહે જ ! આ તમારી જગત કલ્યાણની ભાવના છે, તે જ તમને વિષય સામે જિતાડશે.

એટલે અમે ચેતવણી આપીએ કે આ ઢાળ ઉપર ચઢવું હોય તો આ રસ્તો છે, નહીં તો પેલો ઢાળ તો છે જ, ભઈ ! અને આ ઢાળ ઉપર ચઢવું હોય (ચઢે) તો લોકોનું કામેય કાઢી નાખે એવું છે ! કારણ કે જગતનું કલ્યાણ થવામાં (કરવામાં) બ્રહ્મચર્ય વ્રત સિવાય કશું વળે નહીં, બાકી પોતાનું કલ્યાણ કરી શકે. એટલે આ બ્રહ્મચર્ય વ્રત તો મોટામાં મોટું વ્રત છે.

બ્રહ્મચર્ય એટલે પુદ્‌ગલસાર અને અધ્યાત્મસાર એટલે શુદ્ધાત્મા. અને આ બે, જેને ભેગું થાય તેનું તો કલ્યાણ જ થઈ ગયું ને !

## કલ્યાણની ભાવનાય હિતકારી

**પ્રશ્નકર્તા :** દાદા, મને જગત કલ્યાણની ભાવના રહ્યા કરે, પણ અત્યારે તો સ્થિતિ સમજો

કે પાંચ હજાર રૂપિયા આપવાની નથી. અથવા તો કોઈ સારું કારણ હોય પણ એની અંદર એવી ભાવના રહ્યા કરે છે કે જો મારી કને અમુક આવે તો હું લાખ રૂપિયા આપું, પાંચ લાખ રૂપિયા આપું. એનાથી મને ફાયદો થાય ખરો ?

**દાદાશ્રી :** ફાયદો થાય ને ! મારી પાસે આવે ત્યારે લાખ આપું, બે લાખ આપું. એ જે બોલે છે ને, હવે જ્યારે આવે ત્યારે ન આપી શકાય. આવે ત્યારે લોભ પેસી જાય. પણ એ જે બોલે છે તે નકામું જતું નથી. એનાથી ભાવકર્મ બંધાય. આપવું એવી ભાવના થાય તોય બહુ થઈ ગયું. આપવું એવી ભાવના થાય ને, તો તો રાજા કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કોઈ એવા હોય કે જે ખાલી કોઈ જગ્યાએ બેસીને જગત કલ્યાણની ભાવના જ કર કર કરે, એની પાસે કોઈ એવી પોતાની શક્તિ ના હોય પણ એ બેઠો બેઠો જેને જુએ એની સામે જોઈને એમ વિચાર કરે કે આનું ભલું થાય, આનું દુઃખ જતું રહે, તો એનાથી એનું બહુ મોટું પુણ્ય બંધાય ?

**દાદાશ્રી :** બહુ ફાયદો. પૈસા આપે-ના આપે તેનો વાંધો નથી, પણ ભાવનાથી બહુ પુણ્ય બંધાય. નહીં તો આખો દહાડો લોકોના મનમાં શું દાનત કે આનું ક્યારે બગડે હવે. ના ફાવતું હોય ને, એનું ક્યારે બગડે એવું જ ધ્યાન હોય !

**પ્રશ્નકર્તા :** દાદા, પેલો એક શ્રીમદ્ રાજચંદ્રનો દાખલો આવે છે ને કે બીજે દહાડે પેલા ભાવ ઘટી ગયા હતા. તે પેલો લેનારો હતો એને ખોટ જવાની હતી. તે રાતે એને જઈને કહી આવ્યા કે તું તારો માલ ના આપીશ અને સોદાનું કાગળિયું આપી દીધું.

**દાદાશ્રી :** હા, એને આપી દીધું. બધા એમ જાણે કે આવું નહીં આપે. દરેકને એવું જ લાગે ને !

કોને પડેલી હોય ? આ કૃપાળુદેવને પડેલી હતી. એમના મનમાં તો હજુ ઈચ્છા છે કે લોકો મોક્ષને પામો. હજુ એમને પોતાના ફોલોઅર્સ ઉપર એટલો ભાવ છે કે 'આ લોકોનું કલ્યાણ થાય તો જ મને આનંદ થાય ને મારું તેમાં જ હિત છે.' આખા જગતનું કલ્યાણ કરવાની એમને ભાવના હતી. એ એમની ભાવના એક દહાડો પૂરી થશે.

## ભાવના પ્રમાણે આવશે નવો ભવ

જગતના કલ્યાણ માટે મારી જે કંઈ મિલકત હોય તે વપરાઓ, એવી ભાવના કરીએ તો એ ભાવનાનું ફળ પ્રકૃતિ પાછી (સુધરે), તે આવતો ભવ તમારે મન મોટું હોય. આ અવતાર તો ગયો એમ કે પણ હવે નવો તો સુધારો, બળ્યો. એટલે આ પ્રકૃતિ જોઈને તમારે નવી સુધારવાની. આ તમને ચેતવે છે કે નવું સુધારો, આ ના ગમતું હોય તો અને ગમતું હોય તો, રહેવા દો. એટલે ભાવના જ કરવાની છે, બીજું કંઈ કરવાનું નથી.

મારી ભાવના ખરી, હવે તમે ટેન્ડર ભરો તો પાંસરું ભરજો. હજુ એક-બે અવતાર છે. નહિ તો ગાડીઓ માંગવી હોય તો ગાડીઓ માંગજો. તમારામાંથી બાદ થશે. શેમાંથી બાદ થશે ? આ તમારી મૂડી (મોક્ષમાર્ગી કમાણી) થઈ છે ને, તેમાંથી !

## કલ્યાણની ભાવના ભાવો આગ્રહ વગર

જમાનો બહુ વિચિત્ર છે. એટલે આપણે ભાવના રાખવી કે છોકરા, વહુનું બધાનું કલ્યાણ થાય. એવી ભાવના રાખવી, પણ એટલી બધી પકડ ના કરવી કે આપણું બગડે પાછું. છેટા રહીને કામ લેવું. કોઈ પોતાના થાય નહીં આ બધા. એ તો સત્યુગના માણસ જુદા હતા, આ માણસ જુદા છે. આ ઋણાનુબંધ જુદી જાતના, પેલા ઋણાનુબંધ જુદી જાતના હતા. એટલે એવી આશા રાખીને શું કામ ? આપણે આત્માનું કલ્યાણ કરો ને કંઈક ! આમાં શું સ્વાદ કાઢવાના છે ?

આપણે લોકોનું કલ્યાણ થાય એવું કહી છૂટવું. ના માને તો કંઈ નહીં અને ખેંચવો નહીં બહુ. ખેંચવો, આગ્રહ કરવો એ આપણે જરૂર નહીં, સમજણ પાડ પાડ કરવી. પોતાને શું અનુભવ વર્તે છે એ કહેવું. પછી એને માનવું-ના માનવું એ એના પર છે. અહીં દરેક સ્ટ્રીટ ઉપર બોર્ડ ના હોય તો શું થાય ? તે ના કહીએ તો એના જેવી સ્થિતિ થઈ જાય. એટલે બોર્ડ તો રાખવું જ પડે. એને પેસવું હોય તો પેસે એ સ્ટ્રીટમાં અને ના પેસવું હોય તો ના પેસે.

કળિયુગમાં આશા ના રાખશો. કળિયુગમાં આત્માનું કલ્યાણ થાય એવું કરો, નહીં તો આગળ ઉપર વખત બહુ વિચિત્ર આવી રહ્યો છે. હજુ હજારેક વર્ષ સારા છે, પણ પછી આગળ બહુ ભયંકર આવવાના છે. પછી ક્યારે ઘાટમાં આવશે ? એટલે આપણે કંઈક આત્માનું કરી લો. સબ સબકી સંભાલો.

### લોકોના કલ્યાણ કાજે પ્રગટ્યું અક્રમ

**પ્રશ્નકર્તા :** આ વિજ્ઞાન બુદ્ધિને ગાંઠતું નથી એટલે જ બધા અહીં નથી આવતા એવું હશે ?

**દાદાશ્રી :** આપણે બહુ લોકોને લાવીને શું કામ છે ? આ ભાવના છે ને, એ એક જાતની કરુણા હોય છે. એ કરુણા આપણને હોય છે. એ જ આપણને બહુ જરૂર છે, બસ. બીજું બન્યું કે નહીં તે જોવાનું નહીં આપણે. કરુણા રાખવી એ આપણી ફરજ, બન્યું કે નહીં એ આપણા હાથમાં નથી. એ વ્યવસ્થિતના તાબામાં છે. અને અહીં લોક તો હજુ આવશે, બધા જ આવશે !

અક્રમ વિજ્ઞાન હોતું નથી કોઈ કાળે. આ તો લાખો લોકોનું કલ્યાણ થવા માટે આવ્યું છે. કેટલાંય લોકો કામ કાઢી જશે અને તેય બધાનું નિષ્પક્ષપાતીપણે.

ઘણા લોકોનું કલ્યાણ થઈ જવાનું છે. કારણ કે સહેજાસહેજ કલ્યાણ થાય એવો મોક્ષમાર્ગ કોઈ ફેરો નીકળ્યો હોય તો આ ફેરો નીકળ્યો છે. પારસીઓ, મુસલમાનો, બધાય ફાવ્યાને ! કોઈ એક કોમ ના ફાવે એવું નથી ને બધાને માફક આવે એવું જ્ઞાન છે !

### પુણ્યશાળીઓ માટેનો 'આ' માર્ગ

આ 'અક્રમ જ્ઞાન' તો અમુક જ લોકો જે બહુ પુણ્યશાળી હશે તેને માટે છે. બીજા બધા માટે 'અક્રમ માર્ગે' મોક્ષ નથી. બીજા બધાને તો એના 'ક્રમિક માર્ગ'નો બોધ આપી તેને તે જે કરતો હોય તેમાં જ સુગમ રસ્તો દેખાડીશું. તેનાથી તે ઠેઠ પહોંચી જશે. અહીં તો 'સહેજાસહેજ' જે આવી ચઢે અને એનો પુણ્યનો પાસપોર્ટ લઇ આવે, તેને અમે જ્ઞાન આપી દઈએ. 'દાદાની કૃપા મેળવી ગયો તેનું કામ થઇ ગયું !

'અમે' જગત કલ્યાણના સ્વામી નથી, નિમિત્ત છીએ. જે પુણ્યશાળી હોય તે તો ઘેર બેઠાં લાભ લઈ જાય ! પુણ્યશાળીઓનું ફળ તે આ 'અક્રમ માર્ગ' છે ! નહીં તો અક્રમ તે હોતું હશે ? આ તો પાછળથી ઈતિહાસ રચાશે ત્યારે લોક પસ્તાશે ને વિચારશે કે તે કાળમાં હું હતો કે નહીં ? પછી હિસાબ કાઢે તો નીકળે કે તે દહાડે તે ૩૫ માળના ફ્લેટ બાંધવાના કામમાં પડ્યો હતો ! બધા સંજોગ ભેગા થાય પણ આ 'અક્રમ જ્ઞાન'નો સંજોગ ભેગો થાય તેમ નથી. અહીં 'સત્ સંજોગ' છે. એ તો જ્ઞાન મળ્યા પછી બીજે જ દહાડે પોતાને જાત અનુભવ થાય ત્યારે જ સમજાય.

આવું જ્ઞાન આ સાડા ત્રણ અબજની વસતિમાં કોને ના જોઈએ ? બધાંને જોઈએ. પણ આ જ્ઞાન બધાંને માટે ના હોય. એ તો મહાપુણ્યશાળીઓ માટે છે. આ 'અક્રમ જ્ઞાન' ઊભું થયું એમાં લોકોની કંઇ પુણ્યૈ હશે ને ! એક ફક્ત ભગવાન ઉપર આશરાવાળા રઝળતા-ભટકતા ભક્તો માટે અને જેમની પુણ્યૈ હશે ને, તેમને માટે 'આ' માર્ગ નીકળ્યો છે. આ તો બહુ પુણ્યશાળીઓ માટે છે અને

અહીં સહેજાસહેજ આવી પડે ને સાચી ભાવનાથી માગણી કરે તેને આપી દઈએ. પણ લોકોને આના માટે કંઇ કહેવા જવાનું નથી હોતું. આ 'દાદા'ની અને તેમના મહાત્માઓની હવાથી (હાજરીથી, એમના નિમિત્તથી) જ જગત કલ્યાણ થઇ જશે.

## અમે કલ્યાણના 'નિમિત્ત' માત્ર

એવું છે ને, આપણે આ જગત કલ્યાણના કર્તા નથી, આપણે તો નિમિત્ત છીએ.

આપણે જગત કલ્યાણની ભાવના ભાવીએ છીએ, તે એક દહાડો રૂપકમાં આવશે. જે જે ભાવો થાય છે તે રૂપકમાં આવ્યા વગર રહે નહીં. ક્રિયા કરવાની જરૂર નથી, રૂપક એની મેળે આવે છે. માટે ભાવના ભાવો.

આપણી ભાવના આખા જગતનું કલ્યાણ થાવ. એ (એવી) ભાવના, (એના) કર્તા નહીં. એટલે જેના ભાગે જે નિમિત્ત હોય તે નિમિત્ત ભલે હો, ના હો તો પણ ભલે હો, અને આખા જગતનું કલ્યાણ કરનારો, આખા જગતને મોક્ષે લઈ જનારો કોઈ જગતમાં પાક્યો જ નથી.

**પ્રશ્નકર્તા :** કોઈને અધિકાર આપેલો જ નથી.

**દાદાશ્રી :** એ અધિકાર આપેલો ચાલે એવોય નથી. કારણ કે આ સંસાર એક ડિગ્રીથી પ્રવહન કરતું કરતું ત્રણસો સાંઈઠ ડિગ્રી ઉપર આવીને મોક્ષે ચાલ્યો જાય છે. પણ એક ડિગ્રીમાં શરૂઆત ચાલુ જ રહે છે. અહીંથી ત્રણસો સાંઈઠ ડિગ્રીમાં જેટલા છૂટા થાય છે એટલા એક ડિગ્રીમાં બીજા આવી જાય છે. એટલે આ સંસાર કોઈ દહાડો બંધ થવાનો નથી કે અટકવાનો નથી. અને આખો સંસાર (જગત) મોક્ષે જઈ શકે નહીં. એવી વાત કરતો હોય એને મેન્ટલ હોસ્પિટલમાં લઈ જવો પડે. નિમિત્ત બની શકાય કે જગત કલ્યાણનું કરવાનો નિમિત્ત બનવાનો અધિકાર, ભાવના કરવાનો અધિકાર.

## ભાવનાના પરિણામે પ્રગટ્યું અક્રમ

**પ્રશ્નકર્તા :** (દાદા, આપને જ્ઞાન પ્રાપ્ત થયું પછી આ જગતકલ્યાણની શરૂઆત કેવી રીતે થઈ ?)

**દાદાશ્રી :** કોઈએ કહ્યું ન્હોતું. પહેલેથી ભાવના જ હતી કે આ જગત આવું ન હોવું જોઈએ, જગતનું કલ્યાણ થવું જોઈએ. તે આ કારણો છોડ્યા ! એ જ્ઞાન કોઈને થજો લોકોનું કલ્યાણ થાય એવું. અને તે જ્ઞાન મને જ થઈ ગયું. મને ખબર નહીં કે આવું જ્ઞાન થશે.

**પ્રશ્નકર્તા :** આ અક્રમ જ્ઞાન કેટલા અવતારનું સરવૈયું છે ?

**દાદાશ્રી :** અક્રમ જ્ઞાન જે પ્રગટ થયું છે તે ઘણા અવતારોનું સરવૈયું બધું ભેગું થઈ એની મેળે, કુદરતી જ આ પ્રગટ થઈ ગયું છે.

**પ્રશ્નકર્તા :** આ તમને 'બટ નેચરલ' (કુદરતી) થયું, પણ એ કેવી રીતે ?

**દાદાશ્રી :** આ કેવી રીતે એટલે કે એના સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થવાથી પ્રગટ થયું. આ લોકોને સમજાવવા માટે મારે 'બટ નેચરલ' કહેવું પડ્યું.

**પ્રશ્નકર્તા :** કયા એવિડન્સો મળ્યા ?

**દાદાશ્રી :** બધા બહુ જાતના એવિડન્સો મળ્યા ને ! આખા જગતનું કલ્યાણ થવાનું હશે, તેય કાળ પાક્યો હશે ને !

**પ્રશ્નકર્તા :** દાદા, આપને હીરાબા તરફથી જગત કલ્યાણ માટે કોઈ અંતરાય નહોતા આવતા ?

**દાદાશ્રી :** હીરાબા પોતે આશીર્વાદ આપતા હતા અને જ્યારે હોય ત્યારે કહે, 'બધું સારુંકરીને આવો. બધા લોકોનું ભલું થાય એવું કરો.'

### કર્મના ઉદય જ કરાવશે

**પ્રશ્નકર્તા :** હવે કોઈ વિચાર કરે કે નહીં, મારે તો આ જગત કલ્યાણ માટે જ જવું છે, જગત કલ્યાણ કરવું છે, તો મારે ક્યાં (આ ઘરસંસાર) જોવાની જરૂર છે ?

**દાદાશ્રી :** એવું છે ને, 'મારે ડૉક્ટર થવું છે' એમ કહે તો બાપ શું કહે ? 'ના, આપણી દુકાને જ બેસવાનું તારે.' ત્યારે પેલો કહે, 'મારે ડૉક્ટર થવું છે.' હવે એના કર્મ ઉદય ડૉક્ટર થવાના છે અને બાપ છે તો દુકાને બેસાડવા ફરે, અનાજ-કરિયાણાની. એ ત્યાં આગળ બાપે એ છોકરાંને જોયા કરવો જોઈએ કે આનામાં શું શું ઇચ્છાઓ છે ! આની જે ઇચ્છાઓ થશે ને, તે કર્મના ઉદય બોલે છે. 'કમિંગ ઈવેન્ટસ્ કાસ્ટ ધેર શેડોઝ બિફોર.' તે એણે સમજી લેવું જોઈએ. તે એણે ના સમજવું જોઈએ ? એને ના સમજે તો ઊલટું પઝલ ઊભા થશે બધાં ! કર્મના ઉદય આગળ તો કોઈનું ચાલે નહીં, દશરથ રાજાની ઇચ્છા નહોતી એવી કે રામચંદ્રજી વનમાં જાય. તોય આ વનવાસ જવાનો પ્રશ્ન ઊભો થયો. છૂટકો જ નથી ને !

એટલે તું નિરાંતે રહેજે. દાદાએ 'બધું વ્યવસ્થિત ચલાવે છે' એવું કહેલું છે. પ્રયત્ન રાખવો, પણ મનમાં હવે 'જગતનું કલ્યાણ કરવું છે' એવો ભાવ રાખવો. મારે સાચું સુખ પ્રાપ્ત કરી, એને પૂર્ણ કરી અને 'જગતના લોકો કેમ એ સુખ પામે' એવી ભાવના રાખવી.

### કલ્યાણરૂપ થવા વ્યવહાર શીખવો પડશે

આપણું આ 'અક્રમ વિજ્ઞાન' જગતમાં બહાર પડે તો લોકોનું બહુ કામ કાઢી નાખે. કારણ કે આવું વિજ્ઞાન નીકળ્યું નથી. આ વ્યવહારમાં, વ્યવહારની ઊંડાઈમાં કોઈએ કોઈ જાતનું જ્ઞાન મૂકેલું નહીં. વ્યવહારમાં કોઈ પડેલું નહીં. નિશ્ચયની જ વાતો બધી કરેલી. વ્યવહારમાં નિશ્ચય આવેલો નહીં. નિશ્ચય નિશ્ચયમાં રહેલો અને વ્યવહાર વ્યવહારમાં રહેલો. પણ આ તો વ્યવહારમાં નિશ્ચય લાવીને મૂક્યો છે, અક્રમ વિજ્ઞાને. આખું નવું જ શાસ્ત્ર ઊભું કર્યું છે અને તે સાયન્ટિફિક પાછું. આમાં કોઈ જગ્યાએ વિરોધાભાસ ના થાય.

આ અલૌકિક વિજ્ઞાન છે ! એ તો વ્યવહારમાં આમ આરપાર (પાર) નીકળી જવો જોઈએ. આપણું જ્ઞાન વ્યવહારને આરપાર (પાર) કરે એવું છે. આ વિજ્ઞાન જો જાણવામાં આવે તો કલ્યાણ થઈ જાય આખા જગતનું ! (વ્યવહાર અડે નહીં, નડે નહીં તેવો, તે પાર નીકળી ગયો.)

આમને (બ્રહ્મચારીઓને) વસ્તુ એક્ઝેક્ટનેસમાં આવી જાય, પણ ત્યારે વ્યવહાર કશું સમજતા જ નથી ને ! એટલે આમને હવે અમે વ્યવહાર શીખવાડ શીખવાડ કરીએ. વ્યવહાર ના હોય તો કોઈ કશું બાપોય સાંભળે નહીં. વ્યવહારમાં પાસ ના થાય તો એ વ્યવહાર એને ગૂંચવી નાખે. કોઈનું કલ્યાણ કરવું હોય તોય ના થાય. પોતાનું તો કલ્યાણ થઈ જાય, પણ બીજા કોઈનું કલ્યાણ ના કરી શકે. એ તો વ્યવહાર હોય તો જ બીજાનું કલ્યાણ કરી શકે. એમની શી ભાવના છે કે હવે અમારે જગતકલ્યાણમાં પડવું છે. એટલે એમને વ્યવહાર મુખ્ય જોઈશે.

જેટલા નિશ્ચય કર્યા છે, એટલું ફળ મળશે. જગત કલ્યાણને માટે પ્રયત્ન કરવો છે, એવો નિશ્ચય કરેલો, તે અમારે આજે બાવીસ વર્ષથી ચાલ્યો અને આ તો હજુ રહેવાનો છે ! આજે આપણે જે નક્કી કર્યું એ ઠેઠ સુધી રહે, એનું નામ નિશ્ચય કહેવાય ! તો પછી એનો સાંધો આગળ મળી જાય પાછો. અહીંથી નનામી કાઢતા પહેલાં નિશ્ચય ફેરવી નાખ્યો તો પછી આગળ એ નિશ્ચય ક્યાંથી મળે ? આગળ એને ટાઈમે એ નિશ્ચય મળે ખરો, પણ તે એકધારો નહીં, પિસીસવાળો મળે.

## પ્રતિક્રમણથી થાવ ચોખ્ખા

હવે જગતનું કલ્યાણ થાય એ જ ભાવના રાખવી અને આપણને જે ઊંધા વિચારો આવે તે ભૂંસી નાખવા, અને 'મારાથી કોઈને દુઃખ ના હો' એવું સવારના પહોરમાં પાંચ વખત નિયમથી બોલવું ને પછી બહાર નીકળવું. પછી બીજી બધી જવાબદારી હું લઈ લઉં છું. પછી જે કોઈને આપણાથી જાણીને દુઃખ થાય કે અજાણતામાં દુઃખ થાય, તેની આપણી જોખમદારી નહીં. જાણીને થયા હોય તેનું તરત પ્રતિક્રમણ કરી લેવું અને અજાણેય થયા તે તો અજાણ્યામાં જતા રહેશે, આપણને ખબર પણ ના પડે એ રીતે. જેમ બે વરસના છોકરાની મા મરી જાય તો તે છોકરું કેટલું રડે ? તેવું દુઃખ અજાણ્યે ભોગવાઈ જાય.

પ્રતિક્રમણરૂપી વિચાર (સાધન) આપીએ છીએ. અમારી આજ્ઞાથી પ્રતિક્રમણ કરશો તો સપાટાબંધ કલ્યાણ થઈ જશે. પાપ ભોગવવા પડશે પણ આટલા બધા નહીં. બધાય મહાત્માઓની ઈચ્છા છે, હવે જગત કલ્યાણ કરવાની ભાવના છે. હેતુ સારો છે પણ તોય (કોઈનેય દુઃખ થાય એ) ના ચાલે.

**પ્રશ્નકર્તા :** હેતુ સારો છે, તો પછી પ્રતિક્રમણ કેમ કરવાનું ?

**દાદાશ્રી :** અંદર હેતુ તમારો સોનાનો હોય પણ શું કામનો ? એ ચાલે નહીં હેતુ. હેતુ સાવ સોનાનો હોય પણ વ્યવહારમાં પેલાને દુઃખ થાય તો પ્રતિક્રમણ કરવું પડે.

અમારેય પ્રતિક્રમણ કરવું પડે. ભૂલ થઈ કે પ્રતિક્રમણ કરવું પડે. કપડા ઉપર ડાઘ પડે તો ધોઈ નાખો છો ને ? એવા આ કપડાં ઉપરના ડાઘ છે. એટલે પશ્ચાતાપના સાબુ જેવો દુનિયામાં કોઈ સાબુ નથી. દાદા ભગવાનની નવ કલમો મૂકાઈ છે ને, એ આખા જગતને કલ્યાણકારી એવું પ્રતિક્રમણ છે.

## નવ કલમોથી કલ્યાણના બીજ

**પ્રશ્નકર્તા :** જે અમુક વખતે ડખોડખલ થઈ જાય છે કે સેન્સિટિવ (લાગણીશીલ) થઈ જાય છે, એને અટકાવવા માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ ને પસ્તાવો કરવાનો ને ભાવના ભાવવી જોઈએ કે આમ (ખોટું) ન થવું જોઈએ ને આમ થવું જોઈએ. આપણી પેલી નવ કલમો જેને આવડી ગઈ, તેનું કલ્યાણ થઈ ગયું ! આ નવ કલમો તો હોય જ નહીં કોઈ જગ્યાએ. નવ કલમો તો પૂર્ણ પુરુષ જ લખી શકે. એ હોય તો લોકોનું કલ્યાણ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, નવમી કલમમાં આપણે મને જગત કલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.' આ કલ્યાણની ભાવના કરીએ, તો એ કઈ રીતે કામ કરે ?

**દાદાશ્રી :** તમારો શબ્દ એવો નીકળે કે પેલાનું કામ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પૌદ્ગલિક કે 'રિયલ'ના કલ્યાણની આપ વાત કરો છો ?

**દાદાશ્રી :** પુદ્ગલનું નહીં, આપણે તો 'રિયલ' ભણી જાય તેની જ જરૂર. પછી 'રિયલ'ના સહારાથી આગળ થઈ જાય. આ 'રિયલ' મળે તો પેલું 'રિલેટિવ' મળે જ ! આખા જગતનું કલ્યાણ કરો એવી ભાવના કેળવવાની. એ ગાવા ખાતર બોલવાનું નહીં, ભાવના ભાવવી. આ તો લોકો ગાવા ખાતર ગાય, જેમ શ્લોક બોલતા હોય એવું.

**પ્રશ્નકર્તા :** સાવ નવરો બેઠો હોય તો એના કરતા આવી ભાવનાભાવે તો એ ઉત્તમ કહેવાય ને ?

**દાદાશ્રી :** બહુ સરસ. ખરાબ ભાવ તો ઊડી

ગયા ! એમાંથી જેટલું થયું એટલું ખરું, એટલું તો કમાયા !

**પ્રશ્નકર્તા :** એ ભાવનાને મિકેનિકલ ભાવના કહી શકાય ?

**દાદાશ્રી :** ના, મિકેનિકલ કેમ કહેવાય ? મિકેનિકલ તો એ વધારે પડતો એમ ને એમ પોતાને ખ્યાલમાં ના રહે ને બોલ્યા કરતો હોય તો મિકેનિકલી !

## ભાવના ભાવી કરી લો કલ્યાણ

**પ્રશ્નકર્તા :** આપણી જે જગત કલ્યાણની ભાવના છે, એમાં પુણ્ય કેટલું વપરાય ? અગર તો એ જ ભાવના એકલી હોય જીવનની અંદર તો ?

**દાદાશ્રી :** હા, તે એ ભાવનાનું ફળ તમને બહુ મોટું મળશે. આપણે એનું ફળ શું મળશે એ જ જોવાનું. એ તો તીર્થંકરોએ શું કર્યું કે જગત કલ્યાણની જ ભાવના ભાવેલી, બસ ! એનું ફળ શું મળ્યું કે આ તીર્થંકર થાય. જ્યાં પગ પડે ત્યાં તીર્થ કહેવાય. હું એ જ ભાવના કરું છું. તમારી એ જ જગત કલ્યાણની ભાવના છે તે ભાવના ફળશે.

**પ્રશ્નકર્તા :** આપ્તવાણીમાં લખ્યું છે કે એ ભાવના હશે તો તમને બધું જ મળી રહેશે, વગર માગ્યે.

**દાદાશ્રી :** હા, આપણે આ જ ભાવના ભાવીએ તો આપણું સારું થાય જ અને જોડે જોડે આવતે ભવ આપણું જે થવાનું હોય એમાં કોઈ હાથ ના ઘાલે, ડખલો ના આવે. આટલું સમજી ગયા ને, એનું કલ્યાણ થઈ જાય.

## કલ્યાણની ભાવનાની ફળશ્રુતિ

જગતકલ્યાણની ભાવના ઘણા કાળથી, ઘણા અવતારથી ભાવેલી હોય તો યશનામકર્મ બહુ મોટું હોય. યશનામકર્મ તો જગતકલ્યાણની ભાવનામાંથી ઉત્પન્ન થયા છે. જેટલા પ્રમાણમાં એ ભાવના અને જગતના લોકોને સુખ થાય એવી ઈચ્છા (ભાવના) હોય, તેમાંથી યશનામકર્મ બંધાય.

જગતનું કલ્યાણ કરવાના ઊંચા વિચારો હોય ને પોતાના દુશ્મનનુંય કલ્યાણ કરવાની ભાવના હોય, એવું બધું હોય ત્યારે ઉચ્ચ નામકર્મ થાય છે.

કોઈ અમારું પુણ્ય જુએ તોય ખુશ થઈ જાય. જ્યાંથી ગાડીમાં નીકળ્યો હોઉં ત્યાંથી બે માઈલ છેટે ઘર હોય અને ત્યાં ગાડીમાંથી ઉતરું તો ખુરશી લઈને હાજર હોય. એટલે પછી બધાને એમ થાય કે આ શું ? આ દાદાનું પુણ્ય કહેવાય. હરેક વસ્તુ હાજર ! તમે જોયું ને ? પુણ્યનો પ્રભાવ જોયો ને ? અને કેવું જ્ઞાન પ્રગટ થયું ? મારા ધાર્યા પ્રમાણે દરેક લોકોનું કલ્યાણ થાઓ ને કલ્યાણ થાય એવું પુણ્ય નીકળ્યું. એટલે હવે તમારે (દાદા પાસે) જે માગણી કરવી હોય તે કરજો.

## કલ્યાણના ભેખીને ના આંતરે કોઈ

આત્મા પ્રાપ્ત કરવા માટે જે કરવામાં આવે છે તે પ્રોડક્શન છે અને તેને લીધે બાય પ્રોડક્ટ મળે છે ને સંસારમાં બધી જરૂરિયાત પ્રાપ્ત થાય છે. હું મારું એક જ જાતનું પ્રોડક્શન રાખું છું, 'જગત પરમ શાંતિને પામો અને કેટલાંક મોક્ષને પામો.' મારું આ પ્રોડક્શન અને એનું બાય પ્રોડક્શન મને મળ્યા જ કરે છે. આ ચા-પાણી અમને તમારા કરતાં જુદી જાતના આવે છે, એનું શું કારણ કે તમારા કરતાં મારું પ્રોડક્શન ઊંચી જાતનું છે. એવું તમારું પ્રોડક્શન ઊંચી જાતનું હોય તો બાય પ્રોડક્શન પણ ઊંચી જાતનું આવે. દરેક કામનો હેતુ હોય. જો સેવાભાવનો હેતુ હશે તો લક્ષ્મી 'બાય પ્રોડક્ટ'માં મળે જ.

જેણે જગત કલ્યાણના નિમિત્ત બનવાનો ભેખ લીધો છે, એને જગતમાં કોણ આંતરી શકે ? કોઈ શક્તિ નથી કે એને આંતરી શકે. આખા બ્રહ્માંડના સર્વ દેવલોકો એની પર ફૂલ વરસાવી રહ્યા

છે. એટલે એ એક ધ્યેય નક્કી કરો ને ! જ્યારથી આ નક્કી કરો ત્યારથી જ આ શરીરની જરૂરિયાતની ચિંતા કરવાની રહેતી નથી. જ્યાં સુધી સંસારીભાવ છે ત્યાં સુધી જરૂરિયાતની ચિંતા કરવી પડે. જુઓને, આ 'દાદા'ને કેવી જાહોજલાલી છે ! આ એક જ પ્રકારની ઈચ્છા રહે તો પછી એનો ઉકેલ આવી ગયો. અને દેવસત્તા તમારી જોડે છે. આ દેવો તો સત્તાધીશ છે, એ નિરંતર હેલ્પ આપે એવી એમને સત્તા છે. જે જગત કલ્યાણ માટે જીવી રહ્યા છે, તેમને બધા જ દેવોનું સંપૂર્ણ રક્ષણ છે. આવા એક જ ધ્યેયવાળા પાંચની જ જરૂર ! બીજો કોઈ ધ્યેય નહીં, અદબદવાળો નહીં ! અડચણમાં એક જ ધ્યેય ને ઊંઘમાં પણ એક જ ધ્યેય !

જગત કલ્યાણનો ધ્યેય તો શું પણ 'જગત કલ્યાણ' શબ્દ બોલશે તેનેય અમારા નમસ્કાર છે.

## અભ્યુદય-આનુષંગિક ફળની પ્રાપ્તિ

**દાદાશ્રી :** જગતનું કલ્યાણ થાવ એ ભાવના કેવી હોય ? લોક જાણે કે કો'કના માટે ભાવી, પણ એ જ પોતાની ભાવના કહેવાય. આ ભાવના પહેલું પોતાનું હિત કરે. અભ્યુદય ને આનુષંગિક બેઉ ફળ આપે. ફળ આપણે ભલે ને, શબ્દથી ના સમજીએ પણ મળે તો ખરા જ ને ? જગત કલ્યાણ કરનારને ઘેર તો કોઈ દિવસ દુઃખ હોય જ નહીં.

**પ્રશ્નકર્તા :** અભ્યુદય ને આનુષંગિક ફળ એટલે શું ?

**દાદાશ્રી :** 'અભ્યુદય' એટલે સંસારનો અભ્યુદય થતો જાય, સંસારફળ મળે અને બીજું 'આનુષંગિક' એટલે મોક્ષફળ મળે ! બંને સાથે ફળ મળે.

## અહો ! અહો ! જ્ઞાનીની કરુણા !

હું કહું છું ને કે મારે ભઈ, સત્યાવીશ વર્ષથી તો હું મુક્ત જ છું અને વિધાઉટ ટેન્શન. એટલે ટેન્શન થતું'તું 'એ.એમ. પટેલ'ને, કંઈ મને ન'તું થતું. પણ 'એ. એમ. પટેલ'નેય ટેન્શન થાય છે ત્યાં સુધી આપણે બોજો જ છે ને ! એ પૂરું થાય ત્યારે આપણે જાણવું કે આપણે છૂટ્યા અને તોય દેહ છે ત્યાં સુધી બંધન. અને તે તો અમને વાંધો નથી હવે, બે અવતાર થાય તોય વાંધો નથી. અમારો તો હેતુ શું છે કે 'આ જે સુખને હું પામ્યો છું એ સુખને આખું જગત પામો.'

મને લોકો કહે છે, 'તમે કેવી રીતે જગત કલ્યાણનું નિયાણું પૂરું કરશો ? આ ઉંમર તો થઈ હવે ! સવારમાં ઊઠો છો ત્યાર પછી ચા પીતાં પીતાં દસ તો વાગી જાય છે.' અરે ભઈ, અમારે આ સ્થૂળને નથી કરવાનું, સૂક્ષ્મ થઈ રહ્યું છે બધું. ફક્ત આ સ્થૂળ દેખાવ કરવાનો છે. સ્થૂળના ટેકા દેવા પડશે !

આત્માની અનંત શક્તિ છે. ગજબની શક્તિઓ છે, અપાર શક્તિ છે. એક આત્મામાં અનંત આત્માની શક્તિ છે ! અમે અમારા પલંગમાં સૂતા સૂતા આખા વર્લ્ડની કલ્યાણની ભાવના કર્યા કરીએ અને સૂતા સૂતા વર્લ્ડનું કામ કરી શકીએ.

## કુદરતી બળે જગકલ્યાણ

**પ્રશ્નકર્તા :** ઘણીવાર વિચાર કરીએ કે અમે કલાક બોલીએ, બહુ ત્યારે બે કલાક, તો કોઈ વચ્ચે બ્રેક પાડે. પછી ઊભા થઈ જઈએ. બીજે આંટા મારી આવીએ. જ્યારે અહીંયા આપ સતત કલાકો સુધી કેવી રીતે બોલી શકો છો ?

**દાદાશ્રી :** તે ઘણાં વખત તો દસ-દસ કલાક સુધી વાણી નીકળ્યા જ કરે છે. એક જ જગ્યાએ સ્થિર બેસી રહે અને એય કુદરતી બળ પાછળ હશે ને ? સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે ને ! આ ગપ્પું ન્હોય. ઘણાં લોકોનું કલ્યાણ થવાનું હોય ત્યારે આવું ઉત્પન્ન થાય, નહીં તો આવું ઉત્પન્ન થાય નહીં ને ! કોઈ અવતારે ભાવના કરી હોય કે જગત કલ્યાણ કરવું છે, તો અમૃત વાણી નીકળે.

## વીતરાગી વાણી વહે જ્ઞાની કંઠે

આપણું આ વિજ્ઞાન એ કંઈ મારું ડહાપણ નથી, આ તો ગિફ્ટ છે. મારું ડહાપણ એટલું બધું હોતું હશે ? કાગળ લખવો હોય ને, તોય મને નથી આવડતો. લોકોનું કલ્યાણ થવાનું નિમિત્ત, પણ ગિફ્ટ છે એ અને એ ગિફ્ટને માટે મારી બધી તૈયારી છે.

**પ્રશ્નકર્તા :** એના માટે પાત્ર હોય તો જ ગિફ્ટ આવે ને ?

**દાદાશ્રી :** હા, બાકી મારું ગજું નહીં આ. અને આ વાણી હાઈ ક્વૉલીટીની છે. આ વેલ્ડિંગ જુદી જાતનું છે.

**પ્રશ્નકર્તા :** બધાને સમજાય એવું અને સાદી-સરળ ભાષામાં.

**દાદાશ્રી :** હા, સારી (સાદી-સરળ) ભાષામાં. પણ એ ભાષા પર (મારો) કાબુ નથી. (એ વેલ્ડિંગ) ભાષા ઉપર આધાર રાખતું નથી. વેલ્ડિંગ બહુ ઊંચું અને આ હૃદયસ્પર્શી વાણી. એક શબ્દથી તો કેટલાંય રોગ નીકળી જાય સામા માણસના, એવા વેલ્ડિંગ !

એટલે જેવો હેતુ તેવી વાણી નીકળે. હેતુ શો છે ? કે જગત કલ્યાણની ભાવના છે ને પોતે શુદ્ધાત્મા થયેલા છે, એટલે વીતરાગી વાણી નીકળે. જે વાણી નીકળી, તે સામાને સીધી અસર કરે. આજ પરાવાણી પહેલી વખત સાંભળી. એ તો સાંભળે ત્યાં જ કલ્યાણ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તો આ વાણી કોણ બોલે છે ?

**દાદાશ્રી :** એ આપણી સત્તામાં નથી, એ રેકર્ડ છે. એ ગયા અવતારમાં તમે જેવી રેકર્ડ ઉતારી હતી, એવી રેકર્ડ વાગે. જ્ઞાની પુરુષ તો પોતાની રેકર્ડ ધોતા ધોતા આવેલા હોય. તે એવી સુંદર રેકર્ડ લઈને આવ્યા હોય કે જગતનું કલ્યાણ કરી નાખે !

## જગતનો કાટ કાઢે એવી જ્ઞાનવાણી

નિરંતર, સવારે દાતણ કરતી વખતેય આ ટેપ-રેકર્ડ મૂકવામાં આવે છે. દાદા એક શબ્દેય બોલે, એ છોડતા નથી આ લોકો અને પછી પુસ્તકો છપાય એના. આ વાંચશે તો કલ્યાણ થઈ જાય. આ વાણી વાંચતા જ દિલ ઠરી જાય. આ કાળની મોટામાં મોટી અજાયબી છે ! લોક તો અમેરિકામાં આફરીન થઈ ગયા આ આપ્તવાણી વાંચીને. જગતને બહુ કલ્યાણકારી છે ને ! જગતને હિતકારી છે ને ! આખા જગતનો કાટ કાઢી નાખે એવી વાણી છે આ.

## રાગ-દ્વેષ વગરની વાણીથી કલ્યાણ

એક છે તે મોટા વકીલ હતા. એ શું કહે છે ? ધન્ય છે આ દાદાને, કેટલી કરુણા વરસે છે ! આ દાદાને મારે કોઈ પણ જાતનું ઋણાનુબંધ નથી, કોઈ પણ જાતની લેવાદેવા નથી. મારા પોતાના હિતને માટે આ શું બોલી રહ્યા છે ! કેટલો મગજ ઉપર બોજો આપી રહ્યા છે ! ત્યારે એ સમજદારને શું કહેવું પછી ? આનું નામ કરુણા કહેવાય. લોકો કેમ કલ્યાણ પામે ! તો તે કઠણ શબ્દથી થાય તો કઠણથી, મોળા શબ્દથી તો મોળાથી, ચીકણા શબ્દ તો ચીકણા, કોઈ પણ રીતે જેનાથી થાય તેનાથી કલ્યાણ કરવું.

બાકી આ ગંધાતા કાદવમાં કોણ હાથ ઘાલે ? પણ એ એક જીવ તરે ને, તો બિચારાં બીજા કેટલાય જીવોનું રાગે પડી જાય ! અને એનું કલ્યાણ થાય એવા ભાવ હોય, તે કલ્યાણ કરવા માટે જ અમે વઢીએ. નહીં તો આવું કોણ વઢે ? મગજ કોણ ખરાબ કરે ? આ તો સામાના કલ્યાણ માટે વઢવાનું. નહીં તો બાપ તો બાપ થવા સારુ વઢે. સામાના હિત કરતા બાપ થવાની બહુ ભીખ હોય. બૈરીને ધણી ટૈડકાવતો હોય તો તે ધણીપણા માટે કરે અને 'જ્ઞાની પુરુષ' સામાના કલ્યાણ માટે વઢે.

આ અમારી વીતરાગ વાણી છે કે જેનો હું

માલિક નથી, જ્યાં રાગ-દ્વેષ નથી. એટલે એક કલાક આ વાણી સારી રીતે સાંભળે તોય કલ્યાણ થઈ જાય. આ સ્યાદ્‌વાદ વાણી છે ! જે આખા જગતના કલ્યાણ માટે છે.

## બુદ્ધિકળા-જ્ઞાનકળા કલ્યાણાર્થે

**પ્રશ્નકર્તા :** એટલે અમારા રોગ જવાનું મુખ્ય કારણ આ બન્યું (વાણી બની)?

**દાદાશ્રી :** હા, નહીં તો રોગ જાય જ નહીં ને ! એટલે તો ભગવાને જ કહ્યું કે 'અમારા તો ૧૦૮ ગુણ છે પણ ખટપટિયા વીતરાગના ૧૦૦૮ ગુણ હોય.' એટલે અમને તો બહુ ગુણ હોય. ભગવાને કહ્યું કે 'બુદ્ધિકળા ને જ્ઞાનકળા, બન્ને જ્ઞાની પાસે હોય અને અમારી પાસે જ્ઞાનકળા એકલી જ હોય.' છતાં ભગવાન જ્ઞાનકળા દેખાડે નહીં, એ એકલા જાણે. અને ખટપટિયા વીતરાગ તો બુદ્ધિકળા વાપરે એટલે તમે ફસાયા હો ત્યાં બુદ્ધિથી કાઢી આપે અને જ્ઞાનકળાથી ફીટ કરી આપે.

એટલે આ તો ખાલી અહીં બેસી રહે તોય કલ્યાણ થઈ જાય. સાંભળ સાંભળ કરે તોય અહીં કલ્યાણ થઈ જાય. આ વાતો ખાલી સાંભળે ને, તોય કેટલાય પાપો ભસ્મીભૂત થઇ જાય. કારણ કે આવી વાત જ સાંભળી નથી કે વાંચી નથી. આ અપૂર્વ વાત કહેવાય. હા, પૂર્વે સાંભળેલી ના હોય, વાંચેલી ના હોય, શ્રદ્ધેલી ના હોય, જાણેલી ના હોય. ખાલી આ સાંભળવાથી જ કલ્યાણ થઇ જાય.

તીર્થંકર સિવાય કોઈનેય દેશના હોય નહીં. અમને તો અક્રમ વિજ્ઞાની તરીકે દેશના ખરી. તીર્થંકરની અને બુદ્ધિ વગરના (અબુધ) જ્ઞાનીની વાણી દેશનારૂપે હોય, ઉપદેશ ના હોય. બુદ્ધિવાળા જ્ઞાનીની વાણી દેશનારૂપે ના હોય, ઉપદેશ હોય. અમને તો ઉપદેશ હોય નહીં. અમે તો કોઈ દહાડો ઉપદેશ કર્યો જ નથી. અમારે તો ખાલી દેશના જ હોય. તે અત્યારે તમે આ દેશના સાંભળો છો. ધન્ય ભાગ્ય છે આ લોકોના ! લોકોના કલ્યાણ માટે આ છે.

## કેવું યોગદાન જગત કલ્યાણ અર્થે

આ (દાદાના) હાથમાં ચૌદ લોકનું અભયદાન છે. કારણ કે દેહના માલિક નથી. અમારે આ દેહ ઉપર પ્રીતિ કેટલી ? આ દેહે મોક્ષ તો મળ્યો, પોતાનું કલ્યાણ તો થઈ ગયું, હવે લોકોના કલ્યાણ માટે આ દેહ ખર્ચાય એટલા પૂરતું જ એનું જતન, એટલા પૂરતી જ એની પ્રીતિ ! બાકી એને પણ અમે તો એક પાડોશીની જેમ નિભાવીએ છીએ !

ઘણો ખરો ટાઈમ 'હું' 'મૂળ સ્વરૂપ'માં રહું છું, એટલે 'પાડોશી' તરીકે રહું છું અને થોડોક જ ટાઈમ આમાં આવું છું. 'મૂળ સ્વરૂપ'માં રહું એટલે પછી ફેશનેસને કશું અડે જ નહીં ને ! ને રાતેય કોઈ દહાડો ઊંઘ્યો નથી. પાએક કલાક જરા મટકું વાગી જાય એટલું જ, બે વખત થઈને પા કલાક, બાકી ફક્ત આંખ મીંચેલી હોય. આ કાને જરા ઓછું સંભળાય એટલે પેલા સમજી જાય કે દાદાજી ઊંઘી ગયા છે ને હુંય સમજું બરોબર છે. તે હું મારામાં હોઉં અને એ.એમ.પટેલ વિધિમાં હોય. એટલે આ જગતનું કલ્યાણ કેમ થાય, એની વિધિ બધી કર્યા કરે. એટલે એ નિરંતર વિધિઓમાં હોય, દહાડેય હોય ને રાતેય હોય !

## જગત કલ્યાણ અર્થે આ આપ્તવાણી

આ અમારું સાહિત્ય, આપ્તવાણી વગેરે લખાય છે તેની પાછળ દેવ-દેવીઓની બહુ કૃપા હોય છે. તે ત્યાં હાજર હોય છે.

આ વાણી અઢાર હજાર વર્ષ સુધી હેલ્પ કરશે. મહાવીર ભગવાનનું જ્યાં સુધી શાસન ચાલશે ત્યાં સુધી રહેશે. પછી બંધ થઈ જાય છે. પછી વાણી ને પુસ્તકો ને મંદિરો બધું બંધ થઈ જાય છે. છઠ્ઠા આરામાં મંદિર છે નહીં કે પુસ્તક નથી. ધડમધડા,

ધડમધડા, કચર, કચર સામસામી ! હજી અઢાર હજાર વર્ષ સુધી મહાવિદેહ ક્ષેત્રમાં, ત્યાં ચોથા આરામાં જઈ શકશે. આ કેવી સુંદર વાણી છે ! માલિકી વગરની વાણી જોયેલી ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** સાંભળેલીય નહીં. તે આ માલિકી વગરની વાણી સાંભળો તો ખરા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ આટલા હજારો પુસ્તકો આપ્તવાણીના બહાર પડ્યા છે ને, તે ઉગશે પચાસ વર્ષે, સો વર્ષે, ત્યારે હિન્દુસ્તાનની બધી જાહોજલાલી થશે. આના શબ્દ ઉપરથી બહુ મોટું 'એ' જામશે. આ પુસ્તક તો જેમ જેમ લોકોના જાણવામાં આવશે ને, તેમ તેમ એની કિંમત સમજાશે.

આ વર્લ્ડનું ભારે અજાયબ વિજ્ઞાન છે-'અક્રમ વિજ્ઞાન', આખા વર્લ્ડ માટે કલ્યાણકારી છે. એને સમજો ! મારા દર્શન ના કરે તો ચાલશે, પણ વાણીના દર્શન તો કરવા જોઈએ ને ? પ્રત્યક્ષ સરસ્વતી ! જો કાનમાં પેસી ગઈ ને, કલ્યાણ થઈ જાય.

અમે અમારા બુદ્ધિના આશયમાં ૧૦૦ ટકા ધર્મ અને જગત કલ્યાણની ભાવના લાવ્યા છીએ. બીજે ક્યાંય અમારું પુણ્ય ખર્ચાયું જ નથી. પૈસા, મોટર, બંગલા, દીકરો, છોકરી, ક્યાંય નહીં. આ અમારી સ્ટેજે આવેલો અટકે નહીં, તે મોક્ષે જ ચાલ્યો જાય. પણ આ અમારું અટક્યું છે તેનું કારણ જગત કલ્યાણ થવાનું છે, તેથી જ અમારું અટક્યું છે.

## જીવન ઝગાવો મીણબત્તી સમ

આપણું જીવન કોઈના લાભ માટે જાય, જેમ આ મીણબત્તી બળે છે તે પોતાના પ્રકાશ માટે બળે છે ? સામાના માટે, પરાર્થ માટે કરે છે ને ? સામાના ફાયદા માટે કરે છે ને ? તેવી રીતે આ માણસો સામાના ફાયદા માટે જીવે તો એનો ફાયદો તો એની મેળે મહીં રહેલો જ છે. આમેય મરવાનું તો છે જ ! એટલે સામાનો ફાયદો કરવા જઈશ તો તારો ફાયદો તો અંદર હોય જ અને સામાને ત્રાસ આપવા જઈશ તો તારે ત્રાસ છે જ અંદર. તારે જે કરવું હોય તે કર. તો શું કરવું જોઈએ ?

આપણે તો આ જે સુખ પામ્યા છીએ એ સુખ બધા પામો, એ ભાવના હોવી જોઈએ, બીજું કશું નહીં. બીજું બધું તો મફતમાં લઈને આવેલા ને ? બેન્કમાં મૂકેલું, તે ક્રેડીટ લઈએ છીએ અને તેને વાપર્યા એમાં શાનું જોર કરે છે ? તો કલ્યાણમાં આપણે કોઈકે કાંઈક હિસ્સો તો લેવો જોઈએ ને ?

## કલ્યાણની ભાવના પમાડે પૂર્ણ દશા

મનુષ્ય જ્યારથી કોઈને સુખ આપતો થયો ત્યારથી ધર્મની શરૂઆત થઈ. પોતાના સુખનું નહીં, પણ સામાની અડચણ કેમ કરીને દૂર થાય તે જ રહ્યા કરે ત્યાંથી કારુણ્યતાની શરૂઆત થાય. અમને નાનપણથી જ સામાની અડચણ દૂર કરવાની પડેલી. પોતાના માટે વિચારેય ના આવે તે કારુણ્યતા કહેવાય. તેનાથી જ 'જ્ઞાન' પ્રગટ થાય.

આ જગતનો કુદરતી નિયમ શું છે કે તમારા પોતાના ફળ બીજાને આપો તો કુદરત તમારું ચલાવી લેશે. આ જ ગુહ્ય સાયન્સ છે. આ પરોક્ષ ધર્મ છે. પછી પ્રત્યક્ષ ધર્મ આવે છે, આત્મધર્મ છેલ્લે આવે. મનુષ્યજીવનનો હિસાબ આટલો જ છે, અર્ક આટલો જ છે કે મન-વચન-કાયા પારકા માટે વાપરો. મૂઆ, આ સંસાર માટે જ શરીર વાપર વાપર કરે છે ! શરીર તો જગત કલ્યાણ માટે જ વાપરવું જોઈએ. જ્યાં જગતનું કલ્યાણ થાય, એ જગ્યા આપણી ! જગતનું કલ્યાણ એ જ પોતાનું કલ્યાણ.

લોક કલ્યાણ કરતા કરતા દેહ છૂટી જાય એના જેવું એકુંય નહીં ને ! ધંધા કરતા કરતા લોક મરી જાય છે, આરામ કરતા કરતા લોક મરી જાય

છે, તેના કરતા લોક કલ્યાણ કરતા કરતા જાય તે શું ખોટું ? જગતનું કામ કરશો ત્યારે તમારું કામ એમ ને એમ થયા કરશે, ત્યારે તમને અજાયબી લાગશે ! ભાવનાથી પણ કલ્યાણ થાય તેવું છે. એવી ભાવના કોણ કરી શકે ? મહાપુણ્યશાળી હોય કે જેને જગતમાં કશાયની ભીખ કે લાલચ રહી નથી તે.

જ્યાં સુધી આપણી સ્વચ્છ (નિર્મળ) આંખો ના થાય ત્યાં સુધી સામાનું કલ્યાણ ના થાય. તેથી જ તો 'હું' બધાંને દર્શન કરાવું છું. સ્વચ્છ આંખો એ જ કારુણ્યતા, બીજો કોઈ ભાવ નહીં. ભગવાનની ભાષામાં આબરૂદાર કોણ ? આંખ માત્રથી 'વિશ્વ કલ્યાણ' કરે તે ! જગત કલ્યાણનું જેનું 'નિયાણું' ના હોય, તે 'જ્ઞાની' ન હોય. જેને બીજું 'નિયાણું' હોય, તે 'જ્ઞાની' જ્ઞાની જ નથી.

## જગત કલ્યાણ માટે આ અવતાર

આ શક્કરિયું ભરહાડમાં મૂકે તો કેટલી બાજુથી બફાય ? ચોગરદમથી. તેમ આ આખું જગત બફાઈ રહ્યું છે. અરે, પેટ્રોલના અગ્નિથી બળતું અમને અમારા જ્ઞાનમાં દેખાય છે ! માટે આ લોકોનું કલ્યાણ કેમ થાય એ જ અમારે જોવાનું. અને એટલા જ માટે આ અમારો અવતાર થયો છે. આ અડધા જગતનું કલ્યાણ અમારા હાથે થશે અને બાકી અડધા જગતનું કલ્યાણ આ અમારા ફોલોઅર્સને હાથે થશે.

આ સંસારમાં મોક્ષ દેખાવો તે અજાયબી છે. આ અક્રમ માર્ગ દસ લાખ વર્ષે પ્રગટ થયો છે ! અજાયબ માર્ગ છે ! ધીટ્ આશ્ચર્ય છે ! આખા 'વર્લ્ડ'ના કલ્યાણ માટેનો આ માર્ગ છે. એને માટે હું નિમિત્ત છું.

## કલ્યાણની ભાવનામાં સ્વ કલ્યાણ !

તમારે તો આ મહીં ભાવના જ રાખવાની કે જગત કલ્યાણ થાઓ. એ ભાવના સાચા દિલની છે ! જગત તો પામવાનું જ છે, એમાં બે મત જ નથી. કુદરત જ હેલ્પ કરશે આમાં. બીજું કોઈ હેલ્પ નહીં કરી શકે. તે એવી હેલ્પ કરશે ખરેખરી ! જગત પામવાનું છે એ નક્કી. આ એમ ને એમ જવાનું નથી. આવું 'વિજ્ઞાન' જે પ્રગટ થયું છે, એ એમ ને એમ દબાઈ જવાનું નથી.

મૂળ જ્ઞાન તો તમારી અંદર ભર્યું પડેલું છે. અમારા નિમિત્તથી એ ઉઘાડ થાય. એટલે નૈમિત્તિક છે. હું તો નિમિત્ત માત્ર છું. આમાં અમારું કર્તાપણું ના હોય કોઈ બાબતમાં. અમે કોઈ ચીજના કર્તા હોઈ શકીએ નહીં. કર્તા હોય તો અમનેય કર્મ બંધાય. જે કર્તા થાય તેને કર્મ બંધાય. આખા જગતના કલ્યાણના નિમિત્ત છીએ. આ તો જગત કલ્યાણ માટે નીકળ્યું છે આ બધું !

'જ્ઞાન' જો 'જ્ઞાની' એકલા પાસે રહે તો જ્ઞાન રસાતળ જાય. 'જ્ઞાન' તો પ્રગટ કરવું જ જોઈએ. અજવાળાનો દીવો કો'ક ફેરો ઉત્પન્ન થાય છે. ત્યાં સુધી ઘોર અંધારું રહે. આ તો સુરતના સ્ટેશને 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ'ના આધારે કુદરતી રીતે ઉત્પન્ન થયું છે ! 'ધીસ ઈઝ બટ નેચરલ !' તો પછી એમાંથી જેટલા દીવા પ્રગટ કરવા હોય તેટલા થાય. બાકી દીવામાં ઘી તો બધાય લોકોએ પૂરી રાખ્યું છે !

અમે અમારી પાછળ જ્ઞાનીઓની વંશાવળી મૂકી જઈશું, અમારા વારસદાર મૂકતા જઈશું અને ત્યાર પછી જ્ઞાનીઓની લીંક ચાલુ રહેશે. માટે સજીવન મૂર્તિને ખોળજો. એના વગર ઉકેલ આવે તેમ નથી.

આપણું કલ્યાણ થઈ ગયું, હવે બીજાનું કલ્યાણ થાય એવી ભાવના રાખવી. એ જ આપણને સંપૂર્ણ દશા ઉત્પન્ન કરાવશે. 'બધાનું કલ્યાણ થાઓ' એ ભાવના પહેલાં પોતાનું જ કલ્યાણ કરે !

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૮ થી ૨૪ એપ્રિલ** - 'અક્રમ ક્રુઝ'ની ટુર બાદ લંડનમાં સાત દિવસ પૂજ્યશ્રીના વિવિધ કાર્યક્રમો થયા હતા. ૧૮ એપ્રિલે 'દાદા દરબારની' બે સેશન યોજાઈ હતી, જેનો ૩૦૦ જેટલા મહાત્માઓએ લાભ લીધો હતો. જેમાં પૂજ્યશ્રીના વ્યક્તિગત દર્શન સિવાય પોતાને મૂંઝવતા પ્રશ્નોના જ્ઞાનમય સમાધાન મહાત્માઓને પ્રાપ્ત થયા હતા. ૧૯ એપ્રિલે ફક્ત મહાત્માઓ માટે જ વિશેષ સત્સંગ યોજાયો હતો. લંડન અને આસપાસના જે મહાત્માઓ ક્રુઝમાં નહોતા જઈ શક્યા, તેમના માટે આશીર્વાદ રૂપ આ સત્સંગ હતો. કારણ કે આ વખતે વાર્ષિક શિબિરનું આયોજન થયું નહોતું. ૨૦ એપ્રિલે યુ.કે.ના બધા મહાત્માઓ માટે મિલ્ટન કીન્સમાં પિકનિક ગોઠવાઈ હતી. પિકનિકનું સ્થળ વિલન લેક હતું, જેમાં લેકને ફરતે સુંદર બગીચો હતો. આ પાર્કમાં એક બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી (આશ્રમ) અને 'પીસ પેગોડા' પણ આવેલ છે. પૂજ્યશ્રી જ્યારે ત્યાં દર્શનાર્થે પધાર્યા ત્યારે બુદ્ધિસ્ટ પૂજારીએ પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્યાં સર્વે મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે નમસ્કાર વિધિ અને જગત કલ્યાણની ભાવના કરી હતી. પીસ પેગોડા પાસે મહાત્માઓએ ગરબા કર્યા હતા. ૨૫૦ જેટલા મહાત્માઓ આ પિકનિકમાં આવ્યા હતા, જેમાં ૧ વર્ષથી લઈને ૯૦ વર્ષ સુધીની ઉંમરના હતા. પૂજ્યશ્રી સાથે મહાત્માઓએ ડબ્બા પાર્ટી કરી પ્રસાદ આરોગ્યો હતો. ૨૧ એપ્રિલે હેરોમાં સત્સંગ યોજાયો GNCના બાળકોએ પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સ્વાગત વખતે 'દાદાઈ અક્રમ બેન્ડ' દ્વારા 'અસીમ જય જયકાર' વગાડવામાં આવ્યા હતા. આ દિવસ શ્રી સીમંધર સ્વામીનો જન્મ કલ્યાણક હોવાથી પૂજ્યશ્રીએ વર્તમાન તીર્થંકર વિશે પ્રાસંગિક વાત કરી હતી. સત્સંગ બ્રેક દરમ્યાન GNCના બાળકોએ સ્વામી પર સુંદર પદગાન અને નૃત્ય રજૂ કર્યા હતા. ૨૨ એપ્રિલે આપ્તપુત્ર દ્વારા ઈંગ્લીશ સત્સંગ તેમજ PMHT સત્સંગ થયા હતા. સાંજે પૂજ્યશ્રીએ શ્રી સીમંધર સ્વામી, અક્રમ સાયન્સ અને અંતઃકરણ પરના GNCના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શન માટે બાળકો અને યુવાનોએ ખૂબ મહેનત કરી જુદા જુદા દૃષ્ટાંતો દ્વારા અક્રમ સાયન્સ અને અંતઃકરણની આંતરિક કામગીરીને દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો. ૨૩ તારીખે જ્ઞાનવિધિના પ્રયોગમાં ૩૪૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું તેમજ ૧૦૦૦થી વધુ મહાત્માઓની હાજરી નોંધાઈ હતી. અંતિમ દિવસે સવારે WMHT સેશન અને સાંજે પૂજ્યશ્રી દ્વારા ફોલોઅપ સત્સંગ થયો હતો, જેમાં નવા તેમજ જૂના મહાત્માઓએ પોતાના જ્ઞાન સંબંધી અનુભવો વર્ણવ્યા હતા.

**૨૬ થી ૩૦ એપ્રિલ** - જર્મનીના વિલિંગન શહેરમાં યોજાયેલ 'અક્રમ વિજ્ઞાન ઈવેન્ટ'માં કુલ મળીને ૫૬૦ મુમુક્ષુ-મહાત્માઓએ ભાગ લીધો. જર્મનીમાં પ્રથમ વખત સમગ્ર કાર્યક્રમ લાઈવ વેબકાસ્ટ કરવામાં આવ્યો હતો. જેને ખૂબ સફળતા મળી હતી અને ઘણાં મહાત્માઓ ઓનલાઈન જોડાયા હતા. 'સાયન્સ ઓફ કર્મા' અંગ્રેજી પુસ્તકનું પારાયણ આ વખતે પૂર્ણ થયું હતું. પારાયણને લીધે ત્યાંના મહાત્માઓને તેઓ નવા ઊંચા લેવલે પહોંચ્યા હોય એવો અનુભવ થયો હતો. જ્ઞાનવિધિમાં ૨૦૦ જેટલા મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું, તેઓએ જ્ઞાન સંબંધી સુંદર પ્રતિભાવ આપ્યા હતા અને અક્રમ વિજ્ઞાનની વધુ સમજણ કેળવવા તત્પર હતા. પૂજ્યશ્રીએ ઘેર-ઘેર જનારી શ્રી સીમંધર સ્વામીની મૂર્તિઓની વિધિ કરી હતી. જર્મનીમાં પણ GNCના બાળકો છે, તેમના માટે પણ સત્સંગ યોજાયો હતો. તે સિવાય પૂજ્યશ્રી અને આપ્તપુત્ર દ્વારા જનરલ પ્રશ્નોત્તરી સત્સંગ, ગરબા, ભક્તિ, દર્શન પણ યોજાયા હતા. જર્મન ભાષામાં ભાષાંતરિત થયેલા નવા ૫ પુસ્તકોનું વિમોચન થયું હતું. મૂર્તિઓ અને પુસ્તકો ફટાફટ વેચાઈ ગયા હતા. જ્ઞાનવિધિ પછી થનારા ફોલોઅપ સત્સંગો માટે ઈવેન્ટમાં આવેલા મોટા ભાગના મહાત્માઓએ રજિસ્ટ્રેશન કરાવી દીધું હતું.

**૨ મે** - પૂજ્યશ્રી યુ.કે. - જર્મની સત્સંગ અને યુરોપની અક્રમ ક્રુઝ ટુર બાદ સીમંધર સીટી પરત પધાર્યા હતા.

**૫ થી ૯ મે** - અડાલજ ત્રિમંદિર સંકુલમાં પાંચ દિવસીય PMHT શિબિર યોજાઈ, જેમાં પુસ્તકના વાંચન ઉપરાંત પતિ-પત્ની વચ્ચે સુમેળતા કેવી રીતે સાધવી, બાળકોને ક્યાં એન્કરેજ-ડિસ્કરેજ કરવા તેમજ લક્ષ્મીના આધારે થતી કચકચ - આ ટોપિક પર પૂજ્યશ્રીએ વિસ્તૃત સમજણ આપ્યા બાદ મહાત્માઓના મૂંઝવતા પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા. શિબિર દરમ્યાન ટોપિક સંબંધી સ્પેશ્યલ વીસીડી, આપ્તપુત્ર દ્વારા અનુભવ સેશન, એક્ટિવિટી, અંતાક્ષરી ક્વિઝ, સામાયિક તેમજ આપ્તપુત્ર-આપ્તપુત્રીઓ દ્વારા વિવિધ ગ્રુપ સત્સંગ પણ થયા હતા.

અંતિમ દિવસે ૯મી તારીખે પૂજ્યશ્રીનો ૬૫મો જન્મદિવસ હતો. તે નિમિત્તે સાંજે ૧ કલાકની જગતકલ્યાર્થે કિર્તન ભક્તિ થઈ હતી. રાત્રે GNCના બાળકો તેમજ સીનિયર સીટીઝન મહાત્માઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. પૂજ્યશ્રીએ ઉપસ્થિત મહાત્માઓને પગે લાગી આશીર્વાદ લીધા હતા. તેમજ બર્થ ડે કેક કાપી હતી. લગભગ ૫૫૦૦ મહાત્માઓએ આ શિબિરનો લાભ લીધો હતો.

**૧૬ થી ૧૮ મે** - ભરૂચમાં યોજાયેલ સત્સંગ - જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૭૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સ્થાનિક મહાત્માઓએ હર્ષોલ્લાસ સાથે પૂજ્યશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રીના સત્સંગનો ટોપિક - 'રોજિંદા વ્યવહારમાં ક્રોધ સામે ઉપાય' હતો. પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક તેમજ દર્શન-સેવાર્થી સત્સંગનો પણ લાભ સ્થાનિક મહાત્માઓને મળ્યો હતો. અંતિમ દિવસે નવા જ્ઞાન લીધેલા માટે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ યોજાયો હતો.

**૧૯ થી ૨૨ મે** - સુરતના મહાત્માઓએ પણ પૂજ્યશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ વખતે સત્સંગ કાર્યક્રમ રાંદેર વિસ્તારમાં રાખવામાં આવ્યો હતો. પૂજ્યશ્રીએ બે દિવસના સત્સંગ દરમ્યાન 'લક્ષ્મી સંબંધીના ભય-ઉપાધિથી છુટકારો' અને 'સંસાર સળગ્યો વેરથી' વિષયો પર વિશેષ સમજણ આપી મુમુક્ષુ-મહાત્માઓના પ્રશ્નોના સમાધાન આપ્યા હતા. સ્થાનિક મહાત્માઓને પૂજ્યશ્રીના સાંનિધ્યનો લાભ મળે તે માટે મોર્નિંગ વોક તેમજ દર્શન-સેવાર્થી સત્સંગની ગોઠવણી થઈ હતી. ૧૮૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. આપ્તપુત્ર ફોલોઅપ સત્સંગમાં મોટા ભાગના નવા જ્ઞાન લીધેલા મહાત્માઓ વધુ સમજણ પ્રાપ્ત કરવા આવ્યા હતા.

**૨૫ થી ૨૯ મે** - આ વર્ષે યોજાયેલ હિન્દી શિબિરમાં રેકોર્ડ બ્રેક૩૦૦૦ મહાત્માઓએ લાભ લીધો હતો. પૂજ્યશ્રી દ્વારા 'પ્રતિક્રમણ' પુસ્તક પર પારાયણ, WMHT અને MMHT ગ્રુપ માટે બ્રહ્મચર્ય સત્સંગ, પતિ-પત્ની કા દિવ્ય વ્યવહાર, માતા-પિતા બચ્ચોં કા વ્યવહાર, પાંચ આજ્ઞા ટોપિક પર પ્રશ્નોત્તરી સત્સંગ થયા હતા. જ્ઞાનવિધિમાં ૧૦૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રીના સત્સંગ સિવાય ભક્તિ, ગરબા, મંદિરમાં પ્રક્ષાલ-પૂજન-આરતી, સામૂહિક ચરણવિધિ, મુમુક્ષુઓ માટે આપ્તપુત્ર સત્સંગ, સત્સંગ હાઈલાઈટ્સની સ્પેશ્યલ વીસીડી, આપ્તપુત્રો-પુત્રીઓ દ્વારા સહાયતા કેન્દ્ર તેમજ બ્રહ્મચર્ય પર GD, નવા મહાત્માઓ માટે પાંચ આજ્ઞા પર વર્કશોપ, આપ્તપુત્ર અનુભવ સેશન, પૂજ્યશ્રીના દર્શન, પ્રભાત ફેરી વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આ વર્ષે જાત્રાને બદલે આનંદ મેળાનું ATPL બ્લિસ ગાર્ડનમાં આયોજન થયું હતું. શિબિરાર્થી મહાત્માઓએ એમાં અવનવી વાનગી માણી હતી તેમજ પૂજ્યશ્રીને સામૂહિક ઉપસ્થિતિમાં ભોજન લેતા નિહાળ્યા હતા. આ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્ય અને નાટકની આકર્ષક રજૂઆત થઈ હતી. અંતિમ સેશન દરમ્યાન મહાત્માઓએ પોતાના જ્ઞાન, પ્રતિક્રમણ, અસીમ જય જયકાર સંબંધી હૃદયસ્પર્શી અનુભવો કહ્યા હતા. શિબિર દરમ્યાન ૧૦ હિન્દી પુસ્તકોની ઓડિયો બુકની બે સીડીનું પૂજ્યશ્રીએ વિમોચન કર્યું હતું.

**૨ થી ૪ જૂન** - સેફ્રોની - મહેસાણા ખાતે ૩ દિવસની કોર્ડીનેટર શિબિર યોજાઈ. આ વખતે ૩૫૦ જેટલા વિવિધ સેન્ટરોના કોર્ડીનેટરો આવ્યા હતા. આ વખતે શિબિરની થીમ હતી - સેન્ટરમાં કોર્ડીનેટરની સેકન્ડ લાઈન કેવી રીતે તૈયાર કરવી ? પૂજ્યશ્રીએ થીમ અનુસાર સેકન્ડ લાઈન બનાવતા કયા કષાયો નડે છે, તેની પર સત્સંગ કર્યો હતો. સાંજે આ થીમ પર એક્ટિવીટી સેશન થઈ હતી. રાત્રે ટોપિક રિલેટેડ ડ્રામા રજૂ કર્યો હતો. બીજા દિવસે આ જ થીમ પર સેન્ટરોમાં નવા લોકોને કેવી રીતે સેકન્ડ લાઈન તરીકે તૈયાર કરવા તે પર માર્ગદર્શન અને મુંબઈ સેન્ટરનો અનુભવ રજૂ કરવામાં આવ્યો હતો. પૂજ્યશ્રીનો સત્સંગ પણ આ વિષય પર થયો હતો.

૪થી તારીખે પૂજ્યશ્રીના શુભ હસ્તે આપ્તસિંચનના સાધકભાઈઓ માટેના નવા રેસિડેન્શિયલ (રહેઠાણ) બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન લીંચ(મહેસાણા) ખાતે થયું હતું. ક્લાસરૂમોનું આપ્તપુત્રો દ્વારા તથા કિચનનું આપ્તપુત્રી બહેનો દ્વારા ઉદ્‌ઘાટન થયું હતું. શિબિરાર્થી કોર્ડીનેટરો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. પૂજ્યશ્રીએ ૧૩ ફૂટના શ્રી સીમંધર સ્વામી ભગવાનનું પૂજન કર્યું હતું અને પ્રાસંગિક વાત કરી હતી. સાધકોના માતા-પિતાઓને પણ આમંત્રિત કરાયા હતા. સમગ્ર સંકુલની મુલાકાત લઈ પ્રસાદ આરોગી સૌ છૂટા પડ્યા હતા.

સાંજે પૂજ્યશ્રીના સત્સંગ અને ત્યાર બાદ વ્યક્તિગત દર્શનના કાર્યક્રમ બાદ કોર્ડીનેટર શિબિરનું સમાપન થયું હતું.

**૧૧ જૂન** - પૂજ્યશ્રીએ બ્રાઝિલ-અમેરિકા -કેનેડાના સત્સંગ પ્રવાસ માટે સીમંધર સીટીથી પ્રયાણ કર્યું હતું.

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૯ જુલાઈ (રવિવાર)ના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| **સેન્ટર** (અંગ્રેજી કક્કાવારી મુજબ) | **સમય** | **કાર્યક્રમનું સરનામું** | **સંપર્ક** |
|---|---|---|---|
| સીમંધર સીટી, અમદાવાદ, ગાંધીનગર/કલોલ | સવારે ૯ થી ૧ | **અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી. | ૦૭૯૩૯૮૩૦૧૦૦ |
| અમરેલી | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, લીલીયા રોડ બાયપાસ ચોકડી. | ૯૯૨૪૩૪૪૪૬૦ |
| અંજાર | સાંજે ૪-૩૦ થી ૮ | **ત્રિમંદિર**, અંજાર-મુન્દ્રા બાયપાસ રોડ. | ૯૯૨૪૩૪૬૬૨૨ |
| ભાદરણ | સવારે ૯ થી ૧૨-૩૦ | **ત્રિમંદિર**, સ્ટેશન રોડ. | ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ભૂજ | સવારે ૧૦ થી ૫ | **ત્રિમંદિર**, હિલ ગાર્ડનની પાછળ. | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ચલામલી | સવારે ૮ થી ૧૧-૩૦ | **ત્રિમંદિર**. | ૯૮૭૯૫૭૮૫૨૦ |
| ગોધરા | સવારે ૧૦ થી ૪ | **ત્રિમંદિર**, ભામૈયા ગામ. | ૯૮૨૫૪૩૧૫૦૩ |
| મોરબી | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, જેપુર ગામ, નવલખી રોડ. | ૯૯૭૮૯૦૨૮૩૪ |
| રાજકોટ | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, રાજકોટ-અમદાવાદ હાઈવે. | ૯૯૨૪૩૪૩૪૭૮ |
| સુરેન્દ્રનગર | સવારે ૯ થી ૬ | **ત્રિમંદિર**, રાજકોટ-મૂળી હાઈવે. | ૯૯૭૯૬૮૦૪૭૧ |
| વડોદરા | સવારે ૯ થી ૪ | **ત્રિમંદિર**, સુરત-મુંબઈ હાઈવે. | ૯૯૨૪૩૪૩૩૩૫ |
| આણંદ | સવારે ૯ થી ૧૨ | લાયન્સ હોલ, નવા બસ સ્ટેશન સામે. | ૯૮૯૮૦૨૬૫૮૯ |
| અંકલેશ્વર | સવારે ૯ થી ૧ | જલારામ મંદિર હોલ, દીવા રોડ. | ૯૮૨૫૭૫૩૫૩૩ |
| ભરૂચ/કોસંબા | સવારે ૯-૩૦ થી ૪-૩૦ | મોઢેશ્વરી હોલ, માતરીયા તળાવ, **ભરૂચ**. | ૯૯૯૮૨૧૪૩૦૭ |
| ભાવનગર | સવારે ૯.૩૦ થી ૫ | રામવાડી, ભીડભંજન ચોક. | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| બોટાદ | સવારે ૯ થી ૫ | સથવારા બોર્ડિંગ, હવેલી ચોક, બોટાદ. | ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ચિખલી, બિલિમોરા | સવારે ૯ થી ૨ | કચ્છી સમાજ વાડી, ફેડર રોડ. **બિલિમોરા** | ૮૪૬૯૫૦૫૦૫૨ |
| દાહોદ | સવારે ૧૦ થી ૪ | રેડ ક્રોસ ભવન, સિંધી સમાજની વાડી સામે. | ૯૯૦૯૧૩૦૯૬૮ |
| ડાકોર (**૧૦ જુલાઈ**) | બપોરે ૩ થી ૭ | બચુલીલા કન્યા શાળા, બોદાણા સર્કલ પાસે. | ૯૮૯૮૨૯૭૬૦૬ |
| દહેગામ | સવારે ૮-૩૦ થી ૧ | મહાસુખ નાથજીભાઈની વાડી. પેટ્રોલ પંપ સામે. | ૯૯૭૯૧૪૯૩૨૮ |
| ધોળકા, બાવળા, કેલિયા વાસણા | સવારે ૮ થી ૬ | રાણીરૂડી માતાજી મંદિર, કલિકુંડ, **ધોળકા**. | ૯૭૨૭૧૨૯૩૭૮ |
| ધોરાજી, સુપેડી | સવારે ૮-૩૦ થી ૪-૩૦ | રંગ મંડપ, (લિર્બટી) જિન મીલ રોડ, **ધોરાજી**. | ૯૮૯૮૫૬૫૧૩૧ |
| ધ્રાંગધ્રા | સાંજે ૪ થી ૯ | લોહાણા સમાજની વાડી, રાજકમલ ચોક. | ૮૪૦૧૨૧૨૨૩૮ |
| ધ્રોલ | બપોરે ૩-૩૦ થી ૬-૩૦ | પટેલ સમાજ વાડી, ધ્રોલ. | ૯૮૭૯૫૫૧૫૧૭ |
| દીવ, ઉના, દ્રોણ | સવારે ૯-૩૦ થી ૫ | ભોઈ સમાજની વાડી, જેઠીબાઈ માર્ગ **દીવ.** | ૯૪૨૬૨૩૦૦૧૧ |
| ગાંધીધામ | સાંજે ૪-૩૦ થી ૮ | સી.જી. હાઈ સ્કૂલ, જૂની હાઈ કોર્ટ પાસે. | ૯૯૨૪૩૪૮૮૪૪ |
| ગોંડલ | બપોરે ૩ થી ૭ | શ્રી દશનામ ગોસ્વામી સમાજની વાડી, કોલેજ ચોક. | ૯૪૨૭૭૯૬૩૭૬૭ |
| હિંમતનગર | બપોરે ૩ થી ૬ | ઉમા વિદ્યાલય, મોતીપુરા, હિંમતનગર. | ૯૯૯૮૬૮૭૭૭૬ |

| સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું | સંપર્ક |
|---|---|---|---|
| જામખંભાળીયા | સવારે ૯ થી ૧ | ગુર્જર સમાજની વાડી, જામખંભાળીયા. | ૯૪૨૭૨૧૯૧૩૦ |
| જામનગર | સવારે ૧૦ થી ૪ | આહિર સમાજની વાડી, સત્યમ કોલોની, એરફોર્સ ગેટ નં.-૨ રોડ. | ૯૪૨૭૨૧૯૧૩૦ |
| જેતપુર | સવારે ૮-૩૦ થી ૧ | લેઉવા પટેલ સમાજ વિભાગ નં. ૧. | ૯૪૨૮૭૦૦૫૭૦ |
| જૂનાગઢ | સવારે ૯ થી ૫ | ‘ક્યાડા વાડી’, શાક માર્કેટની બાજુમાં, જોષીપરા. | ૯૯૨૪૩૪૪૪૮૯ |
| કડી | સવારે ૮-૩૦ થી ૨ | આધ્ય પુરુષનું મંદિર, દેત્રોજ રોડ, કડી. | ૮૧૫૫૮૨૨૭૪૪ |
| કપડવંજ | બપોરે ૨ થી ૫ | એચ.એમ. પટેલ વાડી, ટાઉન હોલ પાસે. | ૯૪૨૯૬૫૭૩૧૫ |
| મહેસાણા/વીસનગર/ઉંઝા | સવારે ૮ થી ૫ | દાદા ભગવાન સત્સંગ હોલ, નીલકંઠ પ્લાઝા. **મહેસાણા.** | ૯૪૦૮૫૫૧૫૦૧ |
| નડિયાદ | સવારે ૯ થી ૧૨-૩૦ | બ્લડ બેંક હોલ, સંતરામ રોડ. | ૯૪૨૯૦૩૨૫૨૭ |
| નવસારી | સવારે ૯-૩૦ થી ૪ | સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ વાડી. | ૯૪૨૭૧૫૩૭૮૫ |
| પાલનપુર, અમીરગઢ, ડીસા | સવારે ૯ થી ૧ | વડીલ વિશ્રાંતિ ગૃહ, આબુ રોડ હાઈવે, **પાલનપુર.** | ૯૮૨૫૨૮૦૯૨૩ |
| પાલીતાણા | સવારે ૯ થી ૨ | પટેલ બોર્ડિંગ, બસ સ્ટેન્ડ સામે. | ૯૪૨૯૬૩૮૫૪૨ |
| પાટણ | સવારે ૯ થી ૪ | કડવા પાટીદારની વાડી, સુભાષ ચોક. | ૯૯૭૪૭૦૫૯૫૦ |
| પોરબંદર | સાંજે ૪ થી ૭ | સન્યાસી આશ્રમ, SVP રોડ. | ૯૫૭૪૦૦૧૨૪૩ |
| રાજુલા | સાંજે ૪ થી ૭-૩૦ | લુહાર-સુથાર વિદ્યાર્થી ગૃહ. | ૯૮૨૪૧૬૪૯૪૧ |
| સાવરકુંડલા | સાંજે ૪-૩૦ થી ૭-૩૦ | સમર્પણ ગૌશાળા હોલ, કાપેલ ધાર. | ૯૪૨૭૫૫૫૪૭૬ |
| સુરત | સવારે ૯ થી ૬ | બીજા અને ત્રીજા માળે, સમસ્ત પાટીદાર સમાજની વાડી, આંબા તલાવડી, કતારગામ, સુરત. | ૯૫૭૪૦૦૮૦૦૭ |
| થાનગઢ (**૧૦ જુલાઈ**) | સવારે ૮ થી ૧૨ | પ્રજાપતિ વાડી, જોગ આશ્રમ રોડ. | ૯૮૭૯૦૭૫૦૭૬ |
| ઉપલેટા, જામજોધપુર ભાયાવદર, પાનેલી | સવારે ૯ થી ૫ | ઝુલેલાલ હોલ, સિંધી સમાજ, વિજળી રોડ, **ઉપલેટા.** | ૯૮૨૪૬૬૪૪૮૪ |
| વાડોઠ | સવારે ૮ થી ૧૨ | સિદ્ધેશ્વર મંદિર, વાડોઠ,સાબરકાંઠા. | ૮૧૨૮૯૧૪૧૨૧ |
| વલસાડ જિલ્લો | સવારે ૯ થી ૩ | પટેલ સમાજની વાડી, તીથલ રોડ. | ૯૯૨૪૩૪૩૨૪૫ |
| વેરાવળ | સવારે ૯ થી ૫ | ઉત્તર સિંધ પંચાયત ભવન, સ્વામી શાંતિ પ્રકાશ હોલ. | ૯૮૯૮૨૨૧૦૩૩ |
| વિરમગામ | સાંજે ૪ થી ૬ | શ્રી આનંદ બાલમંદિર સ્કૂલ, લાધાપરા. | ૯૮૨૪૩૬૭૮૪૫ |
| વિજાપુર | સવારે ૯ થી ૧૨ | રોટરી ક્લબ, ટી.બી. રોડ. | ૭૩૫૯૯૦૧૧૧૩ |
| મુંબઈ | સવારે ૧૦ થી ૫ | હાલારી વિસા ઓશવાલ સમાજ વાડી, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (સે.રે). | ૯૩૨૩૫૨૮૯૦૧ |
| પૂના (**૮ જુલાઈ**) | સાંજે ૪ થી ૭ | મહાવીર પ્રતિષ્ઠાન, કર્વે માર્ગ, ગુલટેકડી. | ૭૨૧૮૪૭૩૪૬૮ |

**નોંધ :** ૧. જે સેન્ટરની સાથે કૌંસમાં તારીખ લખી છે તે સેન્ટરમાં ૯ જુલાઈને બદલે તે તારીખે ઉજવણી થશે.

૨. આપના વિસ્તારમાં નજીકમાં કઈ જગ્યાએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી થવાની છે, તેની વિગત આપના વિકલી સત્સંગ સેન્ટર પરથી મળશે અથવા ૦૭૯-૩૯૮૩૦૧૦૦ પર સંપર્ક કરીને પણ પ્રાપ્ત કરી શકો છો.

# પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૦મો જન્મજયંતી મહોત્સવ - રાજકોટ શહેરમાં

**ઉદ્‌ઘાટન સમારોહ** - તા. ૧ નવેમ્બર, **સત્સંગ શિબિર** - તા. ૧ થી ૫ નવેમ્બર
**જન્મજયંતી દિવસ** - તા. ૩ નવેમ્બર, **જ્ઞાનવિધિ** - તા. ૫ નવેમ્બર
**સ્થળ** : ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ, રાજકોટ. **સંપર્ક :** ૯૯૨૬૨૬૭૩૬૫
તા. ૬ થી ૮ નવેમ્બર - ચિલ્ડ્રન પાર્ક - થીમ પાર્ક તથા ભોજનશાળા ફક્ત સ્થાનિક લોકો માટે ચાલુ રહેશે.

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'साधना' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT)

**Singapore**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में)

**Australia**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में)

**New Zealand**
- **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर शनि से गुरु सुबह 7-30 से 8 तथा शाम 6-30 से 7 ; शुक्र शाम 4 से 4-30 (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा दोपहर 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮;
**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

## Pujya Deepakbhai's USA Satsang Schedule 2017

**Contact no. for all centers in USA : +1-877-505-DADA (3232) &**
**email for USA - info@us.dadabhagwan.org**

| Date | Day | City | Session Title | From | To | Venue | Contact no. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 18-Jul | Tue | Chicago | Satsang | 6:30 PM | 9:30 PM | Jain Temple, 435 North Illinois Rt. 59, IL, 60103 | Extn. 1005 chicago@ us.dadabhagwan.org |
| 19-Jul | Wed | Chicago | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| 19-Jul | Wed | Chicago | Gnanvidhi | 5:30 PM | 9:00 PM | | |
| 20-Jul | Thu | Chicago | Aptaputra Satsang | 6:30 PM | 9:00 PM | | |
| 22-Jul | Sat | Toronto | Satsang | 5:00 PM | 8:00 PM | Sringeri Vidya Bharati Foundation, 80 Brydon Drive, Ontario, M9W4N6 | Extn. 1006 toronto@ ca.dadabhagwan.org |
| 23-Jul | Sun | Toronto | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| 23-Jul | Sun | Toronto | Gnanvidhi | 5:30 PM | 8:30 PM | | |
| 27-Jul | Thu | Columbia | Aptaputra Satsang | 5:00 PM | 8:00 PM | Rodeway Inn & Conference Center, 773 Saint Andrews Road, SC, 29210 | Extn. 1035 columbia@ us.dadabhagwan.org |
| 29-Jul | Sat | Raleigh | Satsang | 5:30 PM | 8:30 PM | Hindu Society of North Carolina Temple, 309 Aviation Pkwy, NC, 27560 | Extn. 1003 raleigh@ us.dadabhagwan.org |
| 30-Jul | Sun | Raleigh | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| 30-Jul | Sun | Raleigh | Gnanvidhi | 5:00 PM | 8:00 PM | | |
| 1-Aug | Tue | Atlanta | Satsang | 7:00 PM | 9:30 PM | Gujarati Samaj of Atlanta 5331 Royalwood Parkway, GA, 30084 | Extn. 1011 atlanta@ us.dadabhagwan.org |
| 2-Aug | Wed | Atlanta | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| 2-Aug | Wed | Atlanta | Gnanvidhi | 6:00 PM | 9:00 PM | | |
| 3-Aug | Thu | Atlanta | Aptaputra Satsang | 7:00 PM | 9:30 PM | | |
| 5-Aug | Sat | Los Angeles | Satsang | 5:30 PM | 8:30 PM | Sanatan Dharma Temple 15311 Pioneer Blvd., CA, 90650 | Extn. 1009 losangeles@ us.dadabhagwan.org |
| 6-Aug | Sun | Los Angeles | Aptaputra Satsang | 10:30 AM | 12:30 PM | | |
| 6-Aug | Sun | Los Angeles | Gnanvidhi | 5:00 PM | 8:00 PM | | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

**૧૨ ઓગષ્ટ** (શનિ), સાંજે ૫.૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૧૩ ઓગષ્ટ** (રવિ) - સવારે ૧૦ - ૧૨ **આપ્તપુત્ર સત્સંગ**

**૧૩ ઓગષ્ટ** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૫ ઓગષ્ટ** (મંગળ), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી** નિમિત્તે વિશેષ ભક્તિ કાર્યક્રમ

**૧૮** થી **૨૫ ઓગષ્ટ** (શુક્ર થી શુક્ર) - **પર્યુષણ પારાયણ - આપ્તવાણી ૧૩ (ઉ.) પેજ-૧થી વાંચન** તથા **સત્સંગ**

**૨૬ ઓગષ્ટ** (શનિ) - સવારે ૧૦ વાગ્યાથી **પૂજ્યશ્રીના દર્શન**નો વિશેષ કાર્યક્રમ

**બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચના**

(૧) પારાયણમાં ભાગ લેવા તા. ૩૦ જુલાઈ ૨૦૧૭ સુધીમાં પોતાના સેન્ટરમાં તથા જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧ તથા બપોરે ૨ સાંજે ૭) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. (૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું. (૩) ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે માટે પોતપોતાનો સામાન જુદો લાવવો. (૪) ઓઢવા-પાથરવાનું, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ, દોરી, તાળું-ચાવી વિગેરે સાથે લેતાં આવવું.

**૧૯ ઓક્ટોબર** (ગુરુ), રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૨૦ ઓક્ટોબર** (શુક્ર), સવારે ૮-૩૦ થી ૧, સાંજે ૫ થી ૬-૩૦ - **નૂતન વર્ષ** નિમિત્તે પૂજન-ભક્તિ-દર્શન

### પૂના

**૮-૯ સપ્ટેમ્બર** (શુક્ર-શનિ) - સાંજે ૫.૩૦ થી ૮-૩૦ - **સત્સંગ**

**૧૦ સપ્ટે.** (રવિ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ગણેશ કલા ક્રિડા મંચ, નહેરુ સ્ટેડિયમ કેમ્પસ, સ્વારગેટ બસ સ્ટેશન પાસે. **સંપર્ક :** ૭૨૧૮૪૭૩૪૬૮

**૧૧ સપ્ટેમ્બર** (સોમ) - સાંજે ૫.૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** સ્વયંવર મંગલ કાર્યાલય, સીટી પ્રાઈડ પાસે, ૬૯૫/૩/૨૭, પૂને-સતારા રોડ, આદિનાથ સોસાયટી પાસે.

જુલાઈ ૨૦૧૭
વર્ષ-૨૨, અંક-૧૧
સળંગ અંક-૨૬૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## નિરંતર બસ એક જ ભાવ

નિરંતર જગતકલ્યાણની ભાવના, બીજી કોઈ જ ભાવના ના હોય. ખાવાનું જે મળે, સૂવાનું જે મળે, જમીન પર સૂવાનું મળે તોય પણ નિરંતર ભાવના શી હોય ? જગતનું કેમ કરીને કલ્યાણ થાય ! હવે એ ભાવના ઉત્પન્ન કોને થાય ? પોતાનું કલ્યાણ થઈ ગયું હોય તેને એ ભાવના ઉત્પન્ન થાય. આ મહાત્માઓને જગત કલ્યાણની ભાવના થયા કરે છે, એટલે એનો અર્થ એટલો કે જેનું પોતાનું કલ્યાણ થાય તેને જ એવો વિચાર આવે. બીજાને તો આ વિચાર જ શેનો આવે ? એના જ ઘરમાં ડખો પાર વગરનો હોય ! પોતાનું કલ્યાણ થયેલું હોય તે જ એવું કલ્યાણનું ખોળે !

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.